આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંદિર
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૮

સળંગ અંક : ૧૦૦૯

ડિસેમ્બર - ૨૦૨૪



## ગુજરાતી કેળવણી પરિષદ, શિક્ષણપર્વ-૨૦૨૪

ગુજરાતી કેળવણી પરિષદના ઉપક્રમે તા. ૧૫, ૧૬, ૧૭ નવેમ્બરના રોજ શિક્ષણપર્વ-૨૦૨૪ રાજ સૌભાગ આશ્રમ, સાયલા ખાતે યોજવામાં આવ્યું હતું. શિક્ષણપર્વમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વિદ્યામંડળના મંત્રી તેમજ કેમ્પસ ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.













# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૯ ડિસેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |



આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.


શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | |
|---|---|
| ભાભી | દા.ખુ. બોટાદકર/૪ |
| સંપાદકીય - આપણી ભાષાનું સરકારીકરણ | અશોક સોમપુરા/૫ |
| ત્યાગીને ભોગવી જાણ્યું... | ઈશ્વર પરમાર/૭ |
| ગબો ગોવાળિયો | અર્જુનસિંહ કે. રાઉલજી/૧૫ |
| શાળા અમારી વ્હાલુડી માવડી | ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા/૧૭ |
| મોબાઈલને બદલે રમકડાંની રમત | પ્રીતિ શાહ/૧૯ |
| સાચા હીરાનો ઘડવૈયો | હીરજીભાઈ નાકરાણી/૨૧ |
| ગાંધી-સરદાર-નહેરુ | બી. જી. કાનાણી/૨૫ |
| ગુજરાતી ભાષાના પનોતા પુત્ર ફાધર વાલેસ | રક્ષા શુક્લ/૨૮ |
| ઊડતા યુવા - યુવાવસ્થામાં વ્યસનનું દૂષણ | દર્શક કે. પરમાર/૩૨ |
| પ્રકાશની કેલીડોસ્કોપ રમણા | મનસુખ સલ્લા/૩૫ |
| બરછટ અનાજ - મિલેટ્સ અંગેની શ્રેણીના પ્રતિભાવો | /૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૧ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# ભાભી

કવિશ્રી બોટાદકરનો જન્મદિવસ ૨૭મી નવેમ્બરના રોજ છે. કવિશ્રીની કવિતાઓ કૌટુંબિક માનવીય સંબંધોને ઉજાગર કરે છે. તેમના કાવ્ય સંગ્રહ ''રાસ તરંગિણી'' - માંથી પ્રસ્તુત કાવ્ય ''ભાભી'' લેવાયું છે. આ ગીતમાં નણંદ છે એ ભાભીનું ગુણદર્શન કરે છે. આજના સાંપ્રત સમયમાં બદલાતા કૌટુંબિક સંબંધમાં પ્રસ્તુત કાવ્ય વાચકોને ગમશે.

- તંત્રી

ટહૂકે વસન્તકુંજ કોકિલા રે લોલ,
ઘરમાં ભાભીનાં એવાં ગીત રે.

ભાભીના ભાવ મને ભીંજવે રે લોલ.

વીરા મારાની મધુર મોરલી રે લોલ,
નવલા એ રાગ વહે નિત્ય રે. ભાભીના૦

છોડી પિયરની એણે પાલખી રે લોલ,
મૂકી માયા ભરી ભરી માત રે. ભાભીના૦

વહાલાંનો સંગ કર્યો વેગળો રે લોલ,
મારા એ બન્ધવાને માટે રે. ભાભીના૦

સહિયરનો સાથ ત્યજ્યો સામટો રે લોલ,
દાદાનો દૂર કર્યો દેશ રે. ભાભીના૦

ખાંતનાં ભરેલ ત્યજ્યાં ખેલણાં રે લોલ,
છોડ્યો બાળપણ વેશ રે. ભાભીના૦

એ તો અમારી અન્નપૂરણા રે લોલ,
વીરાના વંશ કેરી વેલ્ય રે.ભાભીના૦

હસતી ઉષા એ અમ આભની રે લોલ,
રઢિયાળી રંગડાની રેલ લે. ભાભીના૦

માડીજાયો તે મધુર મોરલો રે લોલ,
ભાભી ઢળકતી શી ઢેલ રે. ભાભીના૦

વીરો મહેરામણ મીઠડો રે લોલ,
શીળી સરિતની એ સેર રે. ભાભીના૦

ચળકે સદાય એને ચાંદલો રે લોલ,
જીવે એ જુગ-જુગ જોડ રે. ભાભીના૦

હૈયાં એ હેતભર્યાં હીંચજો રે લોલ,
પૂરે પ્રભુજી એના કોડ રે. ભાભીના૦

- દા.ખુ. બોટાદકર (ટૂંકાવીને)

# સંપાદકીય

- અશોક સોમપુરા

## આપણી ભાષાનું સરકારીકરણ

એમ કહેવાય છે કે આપણી જનની, માતૃભૂમિ, સ્થાપત્યો, સંસ્કૃતિ, જનસમૂહોનો પોતાના દેશ માટેનો પ્રેમ, જોવાલાયક સ્થળો, તાજમહેલ, કુતુબમિનાર, વગેરે... વધુમાં આપણાં ધાર્મિક સ્થળો. કુદરતી સુંદરતા વધારતી વનરાજી, રાષ્ટ્રીય પ્રાણી, પક્ષીઓ એ આપણી મૂલ્યવાન વિરાસત છે. આ વિરાસતની જાળવણી એટલે આપણી સંસ્કૃતિની જાળવણી. તેની સારસંભાળ, દેખરેખ જુદા સ્વરૂપે રખાય છે. સરકાર દ્વારા પણ તેનો એક અલગ વિભાગ છે. આ વિભાગ ઉપર જણાવેલ બાબતોનું ધ્યાન રાખવાની કામગીરી કરતું હોય છે. આવી વિરાસતનો નાશ એટલે આપણી સંસ્કૃતિનો નાશ એ બાબત નિર્વિવાદ છે.

આજે આપણે માતૃભાષા વિશે થોડીક વાત કરવી છે. **માતૃભાષા પણ આપણી એક પ્રકારની વિરાસત જ છે.** જીવાતા જીવનમાં માતૃભાષાને આપણે અલગ પાડી શકીએ નહિ. કારણ કે આપણી ભાષા આપણી સંસ્કૃતિ-સંસ્કાર અને **આપણા સ્થાપનનું દ્યોતક છે.** બીજી ભાષા પ્રત્યે આપણે આદર ભલે રાખીએ પણ આપણા વ્યવહારમાં માતૃભાષા ઓછી ન થાય તેની કાળજી રાખવી ઈચ્છવા જોગ છે. આપણી મા માંદી પડે તો આપણને ગમતું નથી. તો પછી આપણી માતૃભાષા આપણા રોજબરોજના વ્યવહારમાં ઓછી ઉપયોગમાં આવે અને એ રીતે માંદી પડે એ શું યોગ્ય છે? ના...ના... એ જરાય યોગ્ય હોઈ ના શકે. માતૃભાષાનું વ્યવહારમાં ચલણ મંદ પડશે તો આપણી સંસ્કૃતિ નાશ પામવાની દિશામાં આગળ વધતી જશે. આથી જ આપણી ઉગતી સંસ્કૃતિની રક્ષા કાજે દરેક માણસે પોતાની માતૃભાષાનું રક્ષણ કરવું જરૂરી થઈ પડે છે.

ભાષા સજ્જતા માટે આજે ચારેકોર નિરાશાનું વાતાવરણ દેખાય છે. પોતાના પાલ્યને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા મા-બાપો અધીરા બન્યા છે. હા, એ વાત સ્વીકારવી રહી કે અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય સર્વ સ્વીકૃત ભાષા છે પરંતુ આપણા માટે અંગ્રેજી ભાષા સર્વેસર્વા ન હોઈ શકે. **આજે ભાષાશુદ્ધિ જાણે કે શિક્ષકો, કેળવણીકારો, સાહિત્યપ્રેમીઓ અને પુસ્તકો સુધી જ સીમિત રહી છે.** આજના અનુભવો આપણને ભારે આશ્ચર્યમાં મૂકી દે છે. આજના બાળકો, યુવાનો સરખુ ગુજરાતી બોલી કે લખી શકતા નથી. એ ભારે દુઃખની વાત છે. આપણે ભલે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરીએ પરંતુ તેનું ભવિષ્ય જોઈએ તેવું મજબૂત અને નિશ્ચિંત નથી.

### ભાષાનું સરકારીકરણ

આપણા સરકારી સાક્ષરોએ પણ ગુજરાતી ભાષાના સ્વરૂપને સાવ **છિન્ન-ભિન્ન કરી નાખ્યું છે.** સરકારી બાબુઓ કે અધિકારીઓ પણ ખોટી ગુજરાતી ભાષાનો ઉપયોગ કરતા અચકાતા નથી. ઘણીવાર સરકારના પત્ર-વ્યવહારમાં ગુજરાતી ભાષાનો અયોગ્ય ઉપયોગ બેફામ રીતે થાય છે. કેટલાક ઉદાહરણો આપણને વ્યાકરણની દૃષ્ટિએ અયોગ્ય લાગે છે.

દા.ત. આપેલ હતુ કરેલ હતું, દીધેલ હતુ, ગયેલ હતુ, મોકલેલ હતુ. આ ક્રિયાપદ ખોટા છે. પરંતુ મુખ્ય ક્રિયાપદ તો કરવું, દેવુ, આપવું, મોકલવું એમ જ થાય છે.

વળી, સરકારી પરિપત્રમાં ''વંચાણે લીધુ'' એ શબ્દનો ઉપયોગ વારંવાર થાય છે. જે ખોટું છે. હકીકતમાં તો ''વંચાવું = કોઈ ના દ્વારા વાચન કરાવવું'' એમ જ થાય છે. આ ઉપરાંત ખૂબ જ લાંબા અને અર્ધવિરામ કે પૂર્ણ વિરામ વિનાના વાક્યો સરકારી પરિપત્રમાં જોવા મળે છે.

વધુમાં સરકારી પરિપત્રોમાં શાલીનતાનો અભાવ જોવા મળે છે. તેમની ભાષામાં સંવાદ હોતો નથી. વળી હુકમની ભાષા સાથે નકારાત્મક વાક્ય રચનાઓ આવા પ્રકારના પરિપત્રમાં જોવા મળે છે.

દા.ત.
- જો અમુક સમય મર્યાદામાં આ પરિપત્રનો અમલ નહીં થાય તો... ગ્રાન્ટ કાપ અથવા તો જે તે આકરા પગલા લેવામાં આવશે. વળી....
- અમારા તાબા નીચે કામ કરતી શાળાઓ... આવા વાક્યોના સ્થાને અમારા કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓ.... એવી ભાષાનો ઉપયોગ થવો એ જરૂરી છે.

આમ, સરકાર દ્વારા કરવામાં આવતા પરિપત્રોમાં તેની ભાષા ઉપર ધ્યાન આપવામાં આવે તો તેના અમલકર્તા સૌને તેમાં સકારાત્મક વલણ દેખાશે. આજે તો ગુજરાતી ભાષા, તેના લખાણો માટે જાગૃતિ રાખનારા... ''પંતુજી છે...'' ''...નવરા છે...'' એવી ઉપમા આપી ગુજરાતી ભાષા માટેની માવજત માટેની તેમની જાગૃતિ અને ઈચ્છાઓને ઢાંકી દેવામાં આવે છે.

આજે જ્યારે ગુજરાતી ભાષાનું સરકારીકરણ થઈ રહ્યું છે ત્યારે આવનારા સમયમાં માતૃભાષા જીવંત રહે તે માટે નવી શિક્ષણનીતિમાં નવા માળખા મુજબ ધોરણ પાંચ સુધી માતૃભાષા કે સ્થાનિક ભાષા જ ભણાવવામાં આવશે. નવી શિક્ષણનીતિમાં સરકાર દ્વારા કરવામાં આવેલો આ ફેરફાર આવકારદાયક છે.

વર્તમાન સમયમાં સૌમાં એ વાતનો વિશ્વાસ જગાવવો જરૂરી છે કે, માતૃભાષા આપણા સંસ્કારનો વારસો છે. આજે અંગ્રેજી માધ્યમની શાળાઓ આપણા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના જ્ઞાનથી વંચિત રાખે છે. આવા વિદ્યાર્થી નાગરિક, સરકારી બાબુઓ અને મોટા અધિકારી બને તો પણ તેઓ માતૃભાષાના યોગ્ય ઉપયોગ માટે સજાગ રહેતા નથી. અને ભાષાના સરકારીકરણના ગાડરિયા પ્રવાહમાં સામેલ થઈ જાય છે. આવો ગાડરિયો પ્રવાહ ક્રમશઃ મંદ પડી બંધ પડે એ જ હિતાવહ છે.

# ત્યાગીને ભોગવી જાણ્યું...

**- ઈશ્વર પરમાર**

### શ્રી ગૌરીશંકર પ્રભાશંકર ભટ્ટ

શેરીએ શેરીએ સાદ પડ્યો - ''મહાત્મા ગાંધીજીની સ્પેશ્યલ ગાડી વઢવાણ જંક્શનથી ભાવનગર જવાની છે. સવારના દસેક વાગ્યે વઢવાણ શહેર થોભશે. જેને હરિજન-ઉદ્ધાર માટે ફાળામાં જે કાંઇ આપવું હશે તે પૂજ્ય બાપુને હાથોહાથ આપી શકાશે...''

વઢવાણ શહેરમાં સને ૧૯૩૫માં પડેલો આ સાદ દાજીરાજ હાઈસ્કૂલમાં ભણતા સોળ વર્ષના એક તરુણે પણ સાંભળ્યો. તેના પિતાજી તેને દર મહિને ચાર પૈસા પરચૂરણ ખર્ચ માટે આપતા હતા. પેલો સાદ સાંભળીને રોમાંચિત થયેલો તરુણ પોતાની પાસે રહેલ ચાર પૈસામાંથી એક પૈસો બાપુને હાથોહાથ આપવા સ્ટેશને ગયો. ગાડી આવી. ગિરદીમાંથી માર્ગ કરીને તરુણે ગાંધીજીના હાથમાં એક પૈસો મૂક્યો. ગાંધીજી તેની સામે તાકી રહ્યા અને પૂછ્યું, ''આ પૈસો ક્યાંથી મેળવ્યો છે?''

''બાપુ, મારા પિતાજી મને દર મહિને ચાર પૈસા પરચૂરણ ખર્ચ માટે મોકલે છે. તેમાંથી એક આ પૈસો ફાળા માટે લાવ્યો છું.''

બોખા મોઢે બાળક જેવું હસીને ગાંધીજી કહે, ''મહાદેવ, આના સ્વખર્ચમાંથી પચીસ ટકાનું દાન મેં સ્વીકાર્યું છે.''

આ ઘટનાથી એ તરુણનાં ચિત્તમાં ત્યાગ અને સેવાનો મહિમા એવો તો કોતરાઇ ગયો કે વધતી વયે એણે એ ગુણો શિક્ષણક્ષેત્રે વ્યવહાર અને વહીવટમાં આબાદ ગૂંથી બતાવ્યા. પોતાની સેવાભાવના અને સહૃદય વ્યવહારથી અનેક તરુણ, નવયુવાન અને પ્રૌઢ વિદ્યાર્થીઓના જીવનમાં ચેતના જગાડનાર એ હતા શ્રદ્ધેય આચાર્ય શ્રી ગૌરીશંકર પ્રભાશંકર ભટ્ટ-ગૌરીભાઈ.

સને ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે ચુડા (જિ. સુરેન્દ્રનગર) ગામે જન્મેલા ગૌરીભાઈએ અન્યના જીવનને અજવાળવાની પાત્રતા પામવા માટે પોતે જીવનમાં કેવા તીખા તાપ વેઠ્યા હતા!

પરિવારની આર્થિક સ્થિતિ સાવ સાધારણ. પિતા પ્રભાશંકરનો પગાર રૂપિયા સાત! કળશી કુટુંબ, આવક ઓછી. માતા મોંઘીબહેન અડધો શેર શાક લાવે ને તેમાં પા શેર મસાલો નાખે; એથી તીખું તમતમતું થયેલું શાક છોકરાં છાંટોક માંડ લે ને છાશમાં રોટલો બોળી બોળીને જમે.

પાંચમા ધોરણમાં હતા ત્યારે ગૌરીભાઈ એક વત્સલ શિક્ષક રતિલાલ જેચંદ વોરાના પ્રિય વિદ્યાર્થી રહ્યા. એ શિક્ષકના ઘરમાં કોઇ ચીજ-વસ્તુનો ભાગ પડે ત્યારે આ 'ભટ્ટજી'નો ભાગ પણ અચૂક પડતો. ગૌરીભાઈ તે શિક્ષક સાથે ઘાસ લેવા જાય ને તેમની જેમ પોતાને ખભે પણ ઘાસની ગાંસડી લે. રતિભાઈના ઘરની પરચૂરણ ખરીદી પણ તે ભારે કરકસરથી કરે. તેનો હિસાબ રાખે. તેમની ગાયની પણ સેવા કરે.

અંગ્રેજી શીખવતી વખતે શિક્ષક રતિલાલભાઈએ વર્ગમાં એક શબ્દ વંચાવ્યો : Ratio. ગૌરીભાઈએ તેનો ઉચ્ચાર કર્યો :

રતિઓ! શિક્ષક રતિલાલભાઈએ આ વખતે જરાય ગુસ્સે થયા વગર ધીમેથી કહ્યું, ‘‘અંગ્રેજીમાં ‘tio’ આવે ત્યારે ‘t’ નો ઉચ્ચાર ‘શ’ થાય હોં! એટલે Ratioનો ઉચ્ચાર રેશિયો થાય, હોં ને !’’

એ શિક્ષક પ્રત્યેની પ્રીતિ તેમના દ્વારા ભણાવાતા વિષયો તરફ પણ દૃઢ થવા પામી અને તેથી અંગ્રેજી અને ગણિત ગૌરીભાઈના વિશેષ પ્રિય વિષયો રહ્યા. વિદ્યાર્થીઓને ઓળખવા અને તેમને પ્રેમ આપવો - આ શિક્ષણ રતિલાલભાઈએ પોતાના વ્યવહાર દ્વારા ભવિષ્યમાં થનાર શિક્ષક ગૌરીભાઈને સહજપણે આપ્યું હતું.

એમણે કિશોરવયના ગૌરીભાઈને કહેલું : ‘‘ગૌરીશંકર, તમે ખૂબ તેજસ્વી છો. તમે મુશ્કેલીઓનો સામનો કરીને પણ ખૂબ ભણજો અને તમારા નાના ભાઈઓને પણ ભણાવજો.’’

ભણેશરીને મેટ્રિકમાં સારા ગુણ તો મળ્યા (૧૯૩૭) પણ કુટુંબની આર્થિક સ્થિતિ તેમને આગળ ભણાવી શકે તેવી ન હતી; આ વખતે એ હેતાળ શિક્ષકે કહ્યું, ‘‘ગૌરીશંકર, તું તારે ભણવાનું ચાલુ રાખ. અહીંનું બધું થઈ પડશે.’’

માતા મોંઘીબહેન મોંસૂઝણે માથે મોટો ટોપલો લઈને ખુલ્લા પગે છાણાં બળતણ વીણવા જતાં. એ રીતે બચત કરીને સાચવેલી રકમ રૂપિયા પિસ્તાલીસ એમણે દીકરા ગૌરીના હાથમાં મૂક્યા, ‘જા બાપ, ભણીશ તો તરીશ ને તારીશ.’’

આગળનો અભ્યાસ ભાવનગર મુકામે શામળદાસ કૉલેજમાં કરવાનું નક્કી કર્યું. પ્રવેશ સહેલાઈથી મળી ગયો. શિક્ષક રતિલાલભાઈએ ચિઠ્ઠી લખી આપેલી તેથી તત્કાળ જરૂરી સહાય મળતાં ભણતરનું ગાડું તો જોડાઈ ગયું; પણ તે હંકાવું કેમ?

તે જમાનામાં (૧૯૩૭) હૉસ્ટેલમાં રહેવા-જમવાનો ખર્ચ પંદર રૂપિયા થતો. તેટલી રકમ ઑફિસમાં જમા કરાવતી વખતે માતાના ચહેરા પરનો પરસેવો યાદ આવી ગયો. ગૌરીભાઈએ સુપરિટેન્ડેન્ટને કહ્યું, ‘‘સર, હું મહેનત કરવા તૈયાર છું, મને કાંઈક કામ આપો; નહિતર મારે અભ્યાસ બંધ કરવો પડશે; હવે મારી પાસે બે માસ પૂરતી જ હૉસ્ટેલ-ફી છે; તે ભરી દીધા પછી મારી પાસે એક પાઈ પણ રહેશે નહીં.’’

સુપરિન્ટેન્ડેન્ટ સાહેબે કામ માટે હૉસ્ટેલના રસોડામાં તપાસ કરવા સૂચવ્યું. ગૌરીભાઈ રસોઈયાને મળ્યા, ‘‘ભાઈ, તમે કહેશો તે કામ કરીશ; થોડુંઘણું રસોઈકામ પણ જાણું છું, તેથી ઉપયોગી થઈ શકીશ. મને માત્ર હૉસ્ટેલ-ખર્ચ પૂરતી જ રકમ મળે તો રાહત થશે.’’

રસોઈયાએ થીંગડાંવાળાં કપડાં પહેરેલ આ તરવરિયા તરુણની ભણવાની ધગશ જોઈને ખુશી સાથે કહ્યું, ‘‘જો ભૈ, રસોઇ તો જાણે અમે કરીએ છીએ; તમે આટલું કરો ને કે આંઇ જમવા આવે તે વિદ્યાર્થીઓને પીરસો; તે બધા જમી લે તે પછી થાળીઓ ઉપાડીને બહાર ચોકડીમાં મૂકી દો; આવું ફાવશે ને?’’

‘‘જરૂર ફાવશે; બીજું કંઇ?’’

‘‘બસ, આટલું કરશો તો તમને પંદર રૂપિયા રોકડા ને જમવાનું સૌની જેમ; બસ ને?’’

આ ગોઠવણ પછી તરુણ અઢી કલાક રસોડામાં આપે; રાતે ઉજાગરા ખેંચીને વાંચે; રદ્દી કાગળોમાં નોંધ ઉતારે. એક જ ધ્યેય :

એફ.વાય.માં સારા ગુણ મેળવીને સ્કોલરશિપ મેળવવી. આ માટે દિવસ-રાત પરિશ્રમ!

જૂજ રકમ લઈને ભાવનગર ભણવા ગયેલા પુત્ર માટે માવતરને ચિંતા થઈ. એમણે પત્ર લખીને ખબર પુછાવ્યા. જવાબમાં ગૌરીભાઇએ લખ્યું, ''મને અહીંયા કામ મળી ગયું છે તેથી કંઈ ચિંતા જેવું નથી. અભ્યાસ બરાબર ચાલે છે. ભાઈ બાબુ અને દલપતને કહેશો કે ભણવામાં ધ્યાન રાખે; તેમને આવતે વરસે મારી પાસે રાખીને ભણાવીશ.''

વેકેશનમાં ચુડા - પોતાને ઘેર આવીને ગૌરીભાઈ પિતાજીની સાથે ખેતીકામમાં લાગી ગયા. છાપામાં એફ.વાય.નું પરિણામ આવ્યું : પ્રથમ વર્ગમાં પાસ! ભટ્ટ પરિવારે તો હરખાઈને સગાં-સ્નેહીઓમાં મીઠાઈ વહેંચી!

આ પછી તો ચારેય વર્ષ મેરિટ સ્કૉલરશિપ મળતી રહી. તેવીસ વર્ષની વયે ગૌરીભાઇ ઑનર્સ સાથે બી.એ. થયા (૧૯૪૧). મુખ્ય વિષય ગણિત.

બી.એ. થયેલા ગૌરીભાઈ ચોવીસ વર્ષની વયે (૧૯૪૨) ભાવનગર મુકામે પ્રયોગશીલ કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી સંચાલિત ઘરશાળામાં સહાયક શિક્ષક તરીકે જોડાયા. સહૃદય અને સંનિષ્ઠ શિક્ષક તરીકેની સુવાસ પ્રસરાવતા ગૌરીભાઈ સંસ્થાના છાત્રાલયના ગૃહપતિ તરીકેની ફરજ બજાવતા.

તે વર્ષો (૧૯૪૨-૪૮) દરમિયાન છાત્રાલયમાં રહેતા એક જૂથને સંસ્થાની પ્રણાલિકા મુજબ રહેવાનું ગોઠતું ન હતું. એમને તો રજા લીધા વિના રાતે સિનેમા જોવા જવા મળે તો ગોઠે! સિનેમા જોવા જવાની તક ઊભી કરવા માટે તેઓ લાઈટ-ફ્યૂઝ ઉડાડી મૂકતા ને પછી ગૌરીભાઈને કહેતા : ભાઈ, લાઈટ નથી એટલે વંચાવાનું તો છે જ નહીં; તો જરા બહાર જઈએ?''

પછી તો વારંવાર લાઈટ-ફ્યુઝ ઊડવા માંડ્યો ને રજૂઆત થતી રહી : લાઈટ નથી એટલે વંચાવાનું તો છે જ નહીં; તો જરા બહાર જઈએ?'' કંઈક વિચારીને ગૌરીભાઈએ કહ્યું, ''લાઈટ નથી તો વાંધો નહીં; વહેલા સૂઈ જાવ. પછી વહેલા ઊઠીને વાંચજો.''

છાત્રો પથારીમાં પડ્યા. થોડીવાર પછી બીજીવારનું ચક્કર લગાવવા નીકળેલા ગૌરીભાઈએ જોયું તો ત્રણ પથારી ખાલી! પોતે એક પથારીમાં લંબાવીને ચાદર પૂરી ઓઢીને સૂઈ ગયા! રાતે એક વાગ્યે સિને-રસિયા ત્રણ છાત્રો પાછા ફર્યા. પોતાની પથારીમાં કોઈને ઊંઘતા જોઈને બડબડાટ કરતા એમણે ચાદર ખેંચી તો ગૌરીભાઈ!

આછેરું ધ્રૂજતા એ છાત્રોના ખભે હાથ મૂકીને એ વત્સલ ગૃહપતિએ કહ્યું, ''તમારા ઘરે આટલા મોડા આવો તો તમારા બા-બાપુજીને ચિંતા ન થાય?'' બીજે દિ' હસીને ગૌરીભાઈએ એમને કહ્યું : ''તમારી કરામત મને સમજાઈ ગઈ છે હોં! તમારે ઘેર પાછા મૂકવાને માટે આવવું ન પડે તો સારું!''

- ત્યારથી લાઈટ-ફ્યૂઝ ઊડ્યો નહીં અને પેલા સિને-રસિયા છાત્રો રાત્રે પુસ્તક-રસિયા થઈને અભ્યાસમાં લાગી ગયા!

સંસ્કાર-ધામ 'ઘરશાળા' સંસ્થામાં છ વર્ષ (૧૯૪૨-૪૮) સહાયક શિક્ષક અને ગૃહપતિ તરીકે સેવા આપ્યા બાદ તે જ સંસ્થામાં સાત

વર્ષ (૧૯૪૮-૫૫) ગૌરીભાઈએ આચાર્ય તરીકે સેવાઓ આપી.

સંસ્થાની પ્રણાલિકા મુજબ, એક વખત એમના એક સહાયક શિક્ષકે, ના છૂટકે એક વિદ્યાર્થિનીને ખરે બપોરે તેને ઘરે મોકલી. આ વાત એમ હતી કે પરીક્ષા લેવાઈ ગયા પછી પરિણામપત્રકમાં વાલીની સહી કરાવીને તે વારંવાર સૂચના આપ્યા છતાં હજુ લાવી ન હતી.

લાલઘૂમ ને પરસેવે રેબઝેબ થતી ઘેર આવેલી પોતાની પુત્રીની વાત સાંભળીને તેના શ્રીમંત પિતા ખૂબ ગુસ્સે થયા. પુત્રીને મોટરમાં બેસાડીને તેઓ ઘરશાળામાં આવ્યા, અને ભભૂકી ઊઠ્યા, ‘‘આ છોકરીને આવા ધોમ તાપમાં કાગળિયું લેવા તમે ઘેર મોકલી? આમાં એવી કઈ તાકીદ છે? આવતીકાલે ન મંગાવી લેવાત?’’

આચાર્યશ્રી ગૌરીભાઈએ એમને શાંતિથી કહ્યું, ‘‘આ શાળામાં પરિણામપત્રક પર વાલીની સહી લેવાનો રિવાજ છે. તમારી સહી બહેને કેમ સમયસર ન લીધી તે જાણવાને તેને જ પૂછીએ. બોલ જોઈએ બહેન, આ પરિણામપત્રકમાં તે સહી કેમ ન કરાવી?’’

‘‘બાપુજી, ત્રણ વિષયમાં હું નાપાસ થઈ તેથી તમારી સહી કરાવતાં મને ડર લાગ્યો...’’

વાલી આ સાંભળીને શરમાયા. પુત્રીને મોટરમાં ઘેર લઈ ગયા અને ઘેરથી એ જ તાપમાં ચાલતાં ચાલતાં શાળાએ મોકલી!

આચાર્યશ્રી ગૌરીભાઇ ક્લેક્ટરના બાળકને પણ શિસ્તભંગ બદલ ટકોર કરતાં સંકોચાતા નહીં; બાળક અંગે ક્લેક્ટરને પણ સલાહ-સૂચન કરવાની હિંમત દાખવતા.

ઘરશાળામાં આચાર્યપદે હતા તે દરમિયાન ગૌરીભાઇ ડિસ્ટિંક્શન સાથે બી.ટી. થયા (૧૯૫૨) અને પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે એમ.એડ્. થયા. (૧૯૫૫) આ સફળતા બદલ તેમને ચાન્સેલરનો સુવર્ણચંદ્રક એનાયત થયો.

વળી નવાં ચઢાણ. ઘરશાળાની વિદાય લઈને ગૌરીભાઈ બરોડા યુનિવર્સિટીની શિક્ષણ અને મનોવિજ્ઞાનની વિદ્યાશાખામાં સિનિયર લેક્ચરર તેમજ યુનિવર્સિટી એક્સ્પેરિમેન્ટલ સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે જોડાયા. (૧૯૫૬)

સ્કૂલના પ્રત્યેક વિદ્યાર્થીમાં તેઓ અંગત રસ લેતા. તેમના નામ જાણતા. તેમનું આંતરબાહ્ય અવલોકન કરતા. એક વખત એક વિદ્યાર્થી - દીપક - શાળામાંથી ખોવાઈ ગયો. માતાપિતા અને શાળાનાં સૌ ખૂબ બેચેન થઈને તેની શોધખોળ કરી રહ્યાં હતાં. ગૌરીભાઈએ ઝીણી નજરે અવલોક્યું કે તે બધા વિદ્યાથીઓમાં દીપકનો ગાઢ મિત્ર કનુ પ્રમાણમાં અસ્વસ્થ જણાતો હતો. થોડું વિચારીને ગૌરીભાઈએ કનુને કહ્યું : ‘‘મારે ત્યાં બીજી હાઈસ્કૂલનાં પેપર્સ આવ્યાં છે. તારે પ્રેક્ટિસમાં કામ લાગશે. સાંજે તે લઈ જજે, હોં!’’

સાંજે કનુ તેમને ઘેર ગયો ત્યારે ગૌરીભાઈએ તેની આંખમાં આંખ પરોવીને સીધો જ સવાલ કર્યો, ‘‘દીપક ક્યાં છે? તને ખબર છે તેની તને ખબર છે તેથી જ તને પૂછું છું.’’

થોથવાતા અવાજે કનુએ કહ્યું, ‘‘મને ખબર છે તે સાચું; પણ આ વાત કોઈને કહેવાની તેણે ના પાડી છે.’’

કનુના સાથથી ગૌરીભાઇ દીપક પાસે પહોંચી ગયા. દીપકે પોતાની ઓરમાન માના

ત્રાસ અને ભણતરમાં થતી નડતર વિશેની મન ઠાલવીને વાતો કહી. તેને ખભે હાથ મૂકીને ગૌરીભાઈએ કહ્યું, ''તારે મારા ઘરે અથવા કનુને ઘેર રહીને અભ્યાસ પૂરો કરવાનો છે. ભણવા માટે જરૂરી બધી સગવડો તને મળી રહેશે.''

કોઈ ન જાણે તેમ કનુના ઘેર દીપક ભણવા માંડ્યો. પિતા દીપકની તપાસ કરવાને મળતા ત્યારે ગૌરીભાઈ કહેતા, ''તમારો પુત્ર જ્યાં હશે ત્યાં સુખી હશે. ચિંતા ન કરો.''

છેવટે દીપક મેટ્રિક પાસ થયો. ગૌરીભાઈએ કહ્યું : ''હવે તારા પિતાને જાણ કરીએ.''

''મારે ઍરફોર્સમાં ભણવા જવું છે અને મારા પિતા તેમ કરવાની ના પાડે છે. જો તેઓ મારી પસંદનું ભણવાની હા પાડે તો ભલે ખબર આપીએ.''

ગૌરીભાઈએ બધી નડતર દૂર કરીને દીપકને તેની ધારેલી કારકિર્દીનો માર્ગ મોકળો કરી આપ્યો.

એક્સ્પેરિમેન્ટલ સ્કૂલના પ્રાથમિક વિભાગનાં બાળકો ગૌરીભાઈ સાથે ગેલ કરી શકતાં. આથી ગેલગમ્મતભર્યો વ્યવહાર જોઈને નવાઈમાં ડૂબેલા સ્કૂલ ઈન્સ્પેક્ટરને એમણે કહ્યું, ''આપણે જ બાળકોની સાથે કામ કરવાનું હોય તેમને સમજવા માટે તેમના જેવડા અને જેવા બનવાની જરૂર તો પડે જ ને?''

વડોદરા એક્સ્પેરિમેન્ટલ સ્કૂલની જવાબદારીઓ ગૌરીભાઈ સંભાળતા હતા. તે દરમિયાન (૧૯૫૫-૬૩) તેઓ યુનિવર્સિટીની એજ્યુકેશન ફેકલ્ટીના અને બોર્ડ ઑફ સ્ટડીઝના સભ્ય હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના પ્રમુખ પણ રહ્યા હતા. (૧૯૬૦-૬૨); એમણે અમેરિકા જઈ આવીને (૧૯૫૯-૬૦) શૈક્ષણિક વહીવટ અંગેનો ડિપ્લોમા મેળવ્યો હતો અને ઈન્ટરનેશનલ ટીચર ડેવલપમેન્ટ પ્રોગ્રામ અન્વયે પણ ત્યાં રહ્યા હતા. ચુંવાળીસ વર્ષની ઉંમરે તેઓ પીએચ.ડી. થયા. તેમનો વિષય હતો : એક્સ્પેરિમેન્ટલ સ્ટડી ઑફ એચિવમેન્ટ ઑફ સ્ટુડન્ટસ્ ઈન બેઝિક સ્કૂલ્સ એન્ડ ટ્રેડિશનલ સ્કૂલ્સ.

વડોદરામાં નિવાસ દરમિયાન ધીમે ધીમે તેઓ ગાંધીવિચાર તરફ વિશેષ ઢળ્યા. પોતાની રીતે શિક્ષણપ્રયોગો અને વ્યવહાર કરી શકવા માટે યુનિવર્સિટીનું વાતાવરણ અનુકૂળ ન જણાયું. રાજકોટમાં સ્થિર થવા માટેની તક મળી ગઈ હતી. તે અરસામાં શ્રદ્ધેય ડોલરભાઈ માંકડને એમને ઘેર જવાનું થયું. અલીઆબાડા (જિ. જામનગર)માં વિનયન મહાવિદ્યાલયના ભાગ તરીકે શિક્ષણ વિભાગ શરૂ કરવાની અને તેની જવાબદારી લેવાની વાત એમણે મૂકી. રાજકોટ-અલીઆબાડાની પસંદગી કરવામાં એમણે ઠીક સમય લીધો. છેવટે જૂન '૬૩થી ગ્રામ-પ્રસ્થાન કરવાનું સ્વીકાર્યું અને દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયના પ્રાચાર્ય થયા.

પિસ્તાળીસથી પંચાવન વર્ષની વયનો દાયકો (૧૯૬૩-૭૩) તે પોતાના જીવનનો શ્રેષ્ઠ દાયકો રહ્યો એમ ગૌરીભાઇ માનતા અને કહેતા. અલીઆબાડાને અર્પિત થયેલા આ ગાળામાં તેઓ કૉલેજના જ નહીં, તેની માતૃસંસ્થા ગંગાજળા વિદ્યાપીઠની પ્રત્યેક શિક્ષણસંસ્થાના માનનીય મુરબ્બી અને માર્ગદર્શક બની રહ્યા. સવિશેષ તો સંસ્થાના

સ્થાપક અને પ્રખર કેળવણીકાર શ્રી ડોલરભાઈ માંકડના વિચારોને શૈક્ષણિક વ્યવહાર અને વહીવટમાં તેમણે આબાદ વણી બતાવ્યા. ડોલરભાઈના મધ્યમમાર્ગ, કારુણ્યમૂલક શિસ્ત અને સમાજલક્ષી અધ્યાત્મ જેવા વિચારો એમણે આત્મસાત્ કર્યા. સંસ્થાપકે એમને સંસ્થાના સહમંત્રી તરીકે અપનાવ્યા.

બી.એડ્.ના તાલીમાર્થીઓને પ્રતિ વર્ષ પ્રવેશ આપતા ગૌરીભાઇ પરિપત્ર લખીને જણાવતા રહેતા : 'નચિંત થઈને આવજો.' દૂરથી આવતા તાલીમાર્થીને લેવા માટે પોતે કે કોઈ અધ્યાપક સ્ટેશને જતા.

ગૌરીભાઇ જરૂરતમંદ વિદ્યાર્થીઓ માટે લોનફંડ ચલાવતા. પોતે તેમાં દર વર્ષે દોઢેક હજાર રૂપિયા જેવી રકમ ઉમેરતા. વર્ષ પૂરું થતાં વિદાય વખતે કોઇ વિદ્યાર્થી પોતે લીધેલ લોન પરત કરવા અંગે પૂછે તો કહેતા : ''આજે તો જા, ભૈ. તારા જેવા બીજા કોઇને ઉપયોગી બનવા એ રકમ તારે ખરચવાની છે તે યાદ રાખજે; ભલેને તારી સગવડે પણ મોકલજે જરૂર!' વગર વ્યાજની આ લોન નોકરીએ ચડી ગયા પછી બે'ક અપવાદ સિવાય, દરેક વિદ્યાર્થીએ પરત કરીને છાત્ર-સહાયનો તંતુ લંબાવ્યો હતો.

ચોમાસામાં રૂપારેલ નદીની પહેલી ભરતીમાં છાત્રો સાથે ચડ્ડીભેર સ્નાન કરવા જતા; ધૂળેટીના રંગે રંગાતા; સમૂહ-સફાઇ કે શ્રમયજ્ઞ જેવી પ્રવૃત્તિ વખતે આચાર્યશ્રી સૌની સાથે જ હોય! ચાલુ વર્ષના વિદ્યાર્થીઓનો ચાનો એક પ્યાલો પણ પોતે કે અધ્યાપકો પીતા નહીં. હા, પ્રસંગે પિવડાવે ખરા!

છાત્રાલયનું રસોડું કોઈ કારણે બંધ હોય તો બહારગામથી આવેલા એમ.એડ્.ના વિદ્યાર્થીને પોતાને ઘેર જમાડે; લાઇટ ન હોય તો તેના સ્વાધ્યાયને ન અટકવા દેવા પોતાનું ફાનસ એના ઓરડાના ઉંબરે મૂકી દે.

છાત્રાલયવાસી વિદ્યાર્થી બીમાર થયે પોતાના ઘેરથી સાબુચોખાની કાંજી મોકલાવે, માંદા વિદ્યાર્થીની ખબર પૂછવા તેને ઘેર જાય; પૂરા અર્થમાં સહધર્મચારિણી સગુણાબહેન શુકનની લાપસી બનાવીને બી.એડ્.ની પરીક્ષાના પ્રથમ દિવસે રસોડે આવીને છાત્રોને જમાડી જાય! એક તાલીમાર્થીને તેની કેન્સરગ્રસ્ત પત્નીની સારવાર માટે માનસિક-આર્થિક સધિયારો આપવા ઉપરાંત સારવાર અંગે જરૂરી વ્યવસ્થા પણ ગોઠવી આપી હતી.

સૌના વિશ્વાસસ્થાન ગૌરીભાઈ. તેમની સાથે દિલ ખોલીને વાત કરાય. વિદ્યાર્થી હોય કે અધ્યાપક, કારકુન હોય કે સાથી - સૌ તેમની પાસે નિઃસંકોચ જઈ શકતા. વિવાદના પ્રસંગે 'ચાલો, સાથે બેસીને વાત કરીએ' કહીને સંબંધિતોને સાથે બેસાડે, બોલવા દે ને વિવાદી પ્રસંગનું વિશ્લેષણ થવા દે. છેવટે એમનો નિર્ણય સૌનો બની રહે. પોતાનો મત સામા પર લાદે નહીં. ચર્ચાનો અંત ન જ આવે તો 'વી એગ્રી ટુ ડીસએગ્રી' કહીને વાતનો તત્કાળ અંત લાવે. એમને શિસ્ત ખપતી, પણ કરુણા-પ્રેરિત!

એક વર્ષે કૉલેજના મુક્તદ્વાર પદ્ધતિ પ્રકારના પુસ્તકાલયમાંથી બે-ત્રણ પુસ્તકો ગુમ થયાં. બહેનોના ઓરડામાંથી બે ગરમ જરસીઓ ગુમ થઈ. ગુમ થયેલી ચીજો પોતાને સ્થાને મૂકી દેવા તેમણે અપીલ કરી. કશો પ્રતિભાવ ન મળતાં

ગૌરીભાઈએ એક દિવસ ભોજન ન કરવાની જાહેરાત કરી. કેટલાકે આ નિમિત્તે ઉપવાસ ન કરવા વિનવ્યા ત્યારે તેમણે કહ્યું, ''વસ્તુની કિંમતનો પ્રશ્ન નથી, પણ મને લાગે છે કે હું તમારો વિશ્વાસ સંપાદન કરવામાં ક્યાંક પાછો રહી ગયો છું. સંસ્થાના વડા તરીકે મારે જ તેનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.''

બીજે દિવસે બહેનોના ઓરડામાં ઊંધા વાળેલા ખાલી ગોળા નીચેથી જરસીઓ મળી આવી. પુસ્તક ગયાં. ગૌરીભાઈએ પોતાની નમૂનાપ્રતો પુસ્તકાલયમાં મૂકી દીધી.

છાત્રાલયમાંના પ્રમાદીઓને ટપારવા માટે તેમના ઓરડામાંના ખાલી માટલાંઓમાં જાતે પાણી ભરી આવીને અ-શબ્દ હાહાકાર મચાવી દેતા ગૌરીભાઈ સડેલી કેરી જેવા છાત્રોને છેવટે પાણીચું પકડાવતાં જરાય અચકાતા નહીં!

ડોલરભાઈની ઇચ્છાથી અને ગૌરીભાઈના ઈશારે સ્ટેશનેથી ગામ લગીનો એક કિલોમીટરનો રસ્તો 'સાથી હાથ બઢાના'ના જુસ્સાથી વિદ્યાર્થીઓએ ઝડપભેર બાંધ્યો હતો. ડૉ. ઝકીરહુસેન સંસ્થાની મુલાકાતે પધારવાના હતા ત્યારે આ યાદગાર ઘટના બની હતી. (૧૯૬૪)

જામનગરથી અલીઆબડા ભણવા આવતા વિદ્યાર્થીઓની સગવડ સાચવવા એમણે કૉલેજનો સમય મેઈલ ટુ મેઈલ (૧૧-૨૦ થી ૩-૧૦) રાખ્યો હતો અને કોઇ વિદ્યાર્થી અકારણ મેઈલ ન ચૂકે તે માટે તેઓ ખૂબ તકેદારી રાખતા અને રખાવતા.

વર્ગશિક્ષણ વખતે મનોવિજ્ઞાન અને ફિલસૂફીના ગહન સિદ્ધાંતોનાં ઉદાહરણો તેઓ ઘર-આંગણાંના જ આપતા. એમની કાયા અને કંઠ વચ્ચે અદ્‌ભુત મેળ હતો. કાયા ભરાવદાર અને ઘેરી-પ્રભાવક. વર્ગમાં ચર્ચાને નોતરતા. એમની સ્વરધારામાં વર્ગ ચિત્રવત્ થઈ જતો.

પ્રત્યેક વર્ષે, તાલીમાર્થીઓને વિદાય આપતી વખતે ગૌરીભાઈની આંખો ભીની થઈ જતી. કોઈ વિદ્યાર્થી રડી પડે તો તેની પીઠે હાથ મૂકીને કહેતા, ''એમ ઢીલા ન પડાય ભાઇ, મન થાય ત્યારે આવી જવાનું તારે...'' : એમ કહેતાં પોતે પણ ગળગળા થઈ જતા!

અલીઆબાડામાંના એક દાયકા દરમિયાનની તેમની સેવાઓનો લાભ માતૃસંસ્થા વિદ્યામંડળને જ નહીં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પણ ખૂબ મળ્યો. નજીકના શહેર જામનગરના વિદ્યોત્તેજક મંડળ, કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ અને બારદાનવાલા એજ્યુકેશન ટ્રસ્ટ તેમજ ગામડાં ગામ જામવણથલીના કેળવણી ટ્રસ્ટને પણ તેમની સક્રિય સેવાઓ મળતી; તો વળી લોકભારતી, સણોસરાની ઍકેડેમિક કાઉન્સિલને પણ તેમના પરામર્શનનો લાભ મળતો. એમણે જામનગર જિલ્લામાં શૈક્ષણિક સેવાવિસ્તરણનું કાર્ય વિકસાવ્યું. રાજ્યકક્ષાએ અનેક સમિતિમાં સેવાઓ આપી.

અલીઆબાડા બહાર ગૌરીભાઈ ખૂબ વિસ્તરેલા હોવા છતાં, ઘરઆંગણે ગંગાજળ વિદ્યાપીઠે સ્વર્ગસ્થ ડોલરભાઈ માંકડની ગેરહાજરી વરતવા દીધી ન હતી. પૂર્વ આફ્રિકાના સોમાલિયામાં શિક્ષણ-સલાહકાર તરીકેની આર્થિક રીતે લાભદાયી દરખાસ્તનો તેમણે સાદર અસ્વીકાર કર્યો હતો.

એમ.એડ્. અને પીએચ.ડી. કક્ષાએ તેઓ

માર્ગદર્શન આપવા માટે સમય ફાળવતા. આઠ જેટલા વિદ્યાર્થીઓએ એમના માર્ગદર્શન દ્વારા પીએચ.ડી.ની પદવી મેળવી હતી. પોતાના સાથી-અધ્યાપકોને વખત જતાં એમણે અન્ય કૉલેજમાં પ્રાચાર્યપદે પ્રસ્થાપિત કર્યાં હતા.

અલીઆબાડા મુકામના નિવાસ દરમિયાન શિક્ષણક્ષેત્રે સંશોધનકાર્યમાં પણ તેમણે પ્રદાન કર્યું હતું. યુનિસેફ પ્રોજેક્ટ અન્વયે સ્ટડી હેબિટ ઈન્વેન્ટરી રચી હતી; યુનિવર્સિટી પ્રોજેક્ટ અન્વયે ક્લેરિકલ એપ્ટીટ્યુડ ટેસ્ટ પણ વિકસાવી હતી. એમણે 'જોબ એનેલિસિસ ઇન ફાર્માસ્યુટિકલ કન્સર્ન તેમજ ગણિત અધ્યાપન અને વ્યાવસાયિક માર્ગદર્શન અંગેના પ્રકાશનો કર્યાં હતાં.

હવે ઉંમર આંબી રહી હતી ગૌરીભાઈને. જીવનસાથી સગુણાબહેનની વિસ્તૃત હૃદયની માંદગી તેમને ચિંતિત કરતી હતી. ભાવનગરમાં રહીને માનદ રીતે સંશોધનકાર્ય કરવાની તેમની ઈચ્છા હતી. આ પરિસ્થિતિ વચ્ચે એમની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક (પ્રો. વાઈસ ચાન્સેલર) તરીકે વરણી થતાં અલીઆબાડા છોડવાનું નિમિત્ત મળ્યું. પ્રેમાળ વડીલને વિદાય આપતાં અલીઆબાડાની ગંગાજળા વિદ્યાપીઠ રડી પડી.

ગૌરીભાઈએ કુલનાયક પદે ભાવનગર રહીને ત્રણ વર્ષ (તા.૧૭-૪-'૭૩થી તા. ૧૬-૪-'૭૬) આપેલી સેવાઓ યાદગાર બની રહી છે. યુનિવર્સિટી કાર્યાલયમાં દર સોમ ને ગુરુવારે કાર્યાલયમાં આરંભે સમૂહ પ્રાર્થના થતી. પોતે તેમાં ઉપસ્થિત રહેતા. પ્રાર્થના-ભજન પછી પ્રેરક ઉદ્બોધન પણ કરતા. યુનિવર્સિટીના શિક્ષણ કે વહીવટના પ્રશ્નોમાં સમગ્ર પરિસ્થિતિનું સંતુલિત વિશ્લેષણ કરીને નિર્ણય લેવાનું રાખતા. પરીક્ષાના સમયમાં પોતાની તબિયતના ભોગે પણ સક્રિય રહીને સઘળી જવાબદારી પાર પાડતા. યુનિવર્સિટી અને કૉલેજના છાત્રાલય અંગેની વિચારણામાં એમનું પ્રદાન ઘણું સંગીન ગણાય. આ દિશામાં ઘણું કરવાનું છે એમ તેઓ હંમેશાં કહેતા. ગૌરીભાઇને છેલ્લે યુજીસી ઍવોર્ડ પણ એનાયત થયો હતો.

કુલનાયક તરીકે નિવૃત્ત થઈને ગૌરીભાઇ ભાવનગરમાં સ્થિર થયા પરંતુ જીવનભરના ત્યાગ તપસ્યાના સખત પરિશ્રમે એમના સ્વાસ્થ્યનો ભોગ લીધો.

જુલાઇ '૭૭ની છેલ્લી માંદગી જણાતી તો હતી સાવ સાધારણ. તાવને લીધે નબળાઇ આવી ગયેલી છતાં બહારગામ પણ મિટિંગોમાં જવાનું ચાલુ રાખ્યું. માંદગી લંબાઇ, સ્ટ્રોંગ દવાઓની વિપરીત અસર થઈ અને સાઠ વર્ષની વયે તા. ૨૧-૧૨-'૭૭ના રોજ ગીતાજયંતિને દિવસે હાર્ટઍટેક થતાં એ મહાન શિક્ષકે વિદાય લીધી.

એ તો દેહની વિદાય! વાસ્તવમાં વિવિધ કક્ષાએ કાર્યરત શિક્ષકોના ચિત્તમાં તો ગૌરીભાઈ પ્રેરક સ્મૃતિરૂપે સદા અનુભવાતા રહે છે અને પોતના ઇષ્ટદેવ સમા વિદ્યાર્થીઓ માટે સદા-સર્વદા યથાશક્તિ-મતિ ત્યાગ કરતા રહેવાનો સંદેશ આપતા રહે છે. આ લખનારના જીવનમાં આશા-ઉમંગનાં અજવાળાં પાથરનાર એ મહાન આચાર્યે તો જીવનમાં ત્યાગીને ભોગવી જાણ્યું, ''ત્યાગીને ભોગવી જાણો, વાંચ્છો મા ધન અન્યનું'' : જીવનમંત્ર જીવી બતાવનાર ગુરુવરને વારંવાર સલામ!

# ગબો ગોવાળિયો

- અર્જુનસિંહ કે. રાઉલજી

ગબો હતો'તો હજુ છોકરવાદ, પણ તેનામાં આવડત ઘણી હતી...! તે આખા ગામનાં ઢોર- પછી તે ગાય હોય, ભેંસ હોય, બળદ હોય કે ઘેટાં-બકરાં હોય... વહેલી સવારે ભેગાં કરીને ગામની પાદરે આવેલા ગામના ગોચરમાં ચરાવવા લઈ જતો. સાથે રાતનું વધ્યું ઘટ્યું જે હોય તે પછી તે સૂકો રોટલો અને ડુંગળી કે મરચાંની ચટણી જે હોય તે ભાથામાં લઈ જતો. ગામના ગોચરમાં વચ્ચો વચ્ચ એક મોટું ઝાડ હતું તેના છાંયે બેસતો, વાંસળી વગાડતો અને વનદેવીના ગીતો ગાતો... ઢોર એમની મેળે જ ગોચરમાં ચર્યા કરતાં... જો કોઈ ઢોર આઘું પાછું થાય, ગોચરની બહાર નીકળી જાય કે કોઈના ખેતરમાં પેસી જાય તો ગબો ડાંગ લઈને દોડતો અને એ ઢોરને પાછું વાળી લાવતો. ગબાના ઢોરની ગણતરીમાં ક્યારેય ભૂલ થતી નહિ, એક પણ ઢોર ખોવાતું નહિ અને પાછો હતો પણ સાચું બોલનારો અને પ્રમાણિક...!

તેના ઘરે તેની મા અને ઢીંગલી જેવી નાનકડી એક બહેન રૂખી હતી. બાપા તો ક્યારનાય ગામતરે ચાલ્યા ગયા હતા. એટલે ઘરની બધી જ જવાબદારી ગબાના માથે હતી. આટલી ટૂંકી કમાણીમાં પણ તે નાની બહેન રૂખીને ભણવા મોકલતો હતો. મા પણ આજુબાજુનાં ઘરોમાં કપડાં-પોતા અને વાસણો ઘસવાનું કામ કરતી. મા-દીકરાની આવી ટૂંકી આવકમાંથી ઘર માંડ માંડ ચાલતું... મા-દીકરાને તો જે મળે તે ખાઈ લેતાં, પણ રૂખીને સ્વાદનો ચટાકો ભારે... તે કાયમ જુદું જુદું ખાવાનું મંગાવવાની કે બનાવવાની ડીમાંડ કરતી રહેતી...!

તે દિવસે પણ તે પેલા ઘેઘુર ઝાડ નીચે બેસી વાંસળી વગાડતો હતો અને વનદેવીના ગીતો ગાતો હતો -

''વનદેવી ઓ વનદેવી, પ્રાર્થના અમારી સાંભળો

ભૂખે મરતા માણસોને ભોજન ભરપૂર આપો

વનદેવી ઓ વનદેવી અરજ અમારી સાંભળો

ભૂખે મરતા જાનવરને ઘાસ લીલું લાવી આપો..''

ગબો તો પોતાના ગીતમાં જ મસ્ત હતો, વાંસળી વગાડતો જાય અને ગાતો જાય... ત્યાં જ એક ટ્રક આવીને ઊભી રહી, તેમાંથી હાથમાં કુહાડીઓ લઈ ત્રણ કઠિયારા કૂદી પડ્યા, અને ધડાધડ પેલા મોટા ઝાડના થડમાં કુહાડીના ઘા કરવા લાગ્યા, એટલે ગબાને ખ્યાલ આવી ગયો કે આ લોકો તો કઠિયારા છે અને આ ઝાડ કાપવા આવ્યા છે... ઝાડ કાપીને આ લોકો તેનું લાકડું શહેરમાં જઈ વેચી દેશે પણ... આ ઝાડ કપાઈ જશે તો છાંયડો જતો રહેશે, તેણે અને

તેનાં ઢોરોએ વિસામો લેવા તડકે જ બેસવું પડશે...! માટે આ લોકોને આ ઝાડ કાપતાં અટકાવવા જોઈએ, પણ કેવી રીતે? તેણે ઝડપથી વિચાર કર્યો, આમ તો તે ક્યારેય જુઠ્ઠું બોલતો નહિ, પણ આજે જુઠ્ઠું બોલવાનો હતો એટલે સૌથી પહેલાં તો વનદેવીની માફી માગી લીધી, અને પછી પેલા કઠિયારાઓ તરફ જોઈ બોલ્યો, ''અલ્યા તમે ઝાડ કાપવા આવ્યા છો, પણ તમને ખબર છે કે આ ઝાડના થડના પોલાણમાં એક મોટો નાગ રહે છે, જે ભગવાન શિવનો નાગ છે અને ગામલોકો તેની પૂજા કરવા પણ આવે છે... જો એ નાગ નીકળશે તો આપણા બધાના રામ રમી જશે... તમે આ ઝાડ કાપવાનું રહેવા દો, નહિ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થશે અને જો ગામલોકો આવી જશે તો તમને બાંધી દેશે...'' ત્રણેય કઠિયારા ઘડીભર તો તેની સામે જોઈ રહ્યા અને પછી બોલ્યા, ''છોકરા, તું સાચું બોલે છે? જો જુઠ્ઠું બોલતો હોય તો તને મારી મારીને અધમૂઓ કરી નાખીશું.''

''અરે! ભાઈ, તમને મારી વાત ખોટી લાગતી હોય તો ભલે કાપો આ ઝાડ... પછી હું ના જાણું...'' કહી તે તો વાંસળી વગાડી ગાવા માંડ્યો ''વનદેવી ઓ વનદેવી, પ્રાર્થના અમારી સંભાળો.''

''ભૂખે મરતા માણસોને ભોજન ભરપૂર આપો.'' પેલા કઠિયારા તો ઘડીભર ગબા તરફ અને વાંસળી તરફ તાકી રહ્યા, તેમને લાગ્યું કે આ છોકરો ખોટું નથી બોલતો એટલે તેમને નાગનો અને પેલા ગામલોકોનો ડર લાગ્યો. ઝાડ કાપવાનું પડતું મૂકી એ લોકો તો ટ્રક લઇ જતા રહ્યા. ગબો થોડીક વાર તો એ ટ્રક જે દિશામાં ગઈ એ દિશામાં જોતો રહ્યો, પછી પેલા ઝાડ પાસે આવી, તેના થડને પગે લાગ્યો અને બોલ્યો, ''વનદેવી, મને માફ કરજો... મારે આ ઝાડને બચાવવા ખોટું બોલવું પડ્યું છે, તમે મને ખોટું બોલવા બદલ જે શિક્ષા કરશો તે મને માન્ય છે પણ માફ કરો...'' ત્યાં તો ગબાના આશ્ચર્ય વચ્ચે એ ઝાડનું થડ પહોળું થયું અને અવાજ આવ્યો, ''ગબા, તે કોઇ ભૂલ કરી નથી, કોઈકને બચાવવા કે કોઈકના ભલા માટે બોલેલું જુઠ્ઠ પણ સો સત્ય કરતાં પણ વધારે મોટું છે... તે જુઠ્ઠું બોલીને આ ઝાડને બચાવ્યું છે એટલે હું વનદેવી તારા ઉપર ખુશ થઈ છું અને તું કાયમ ભોજન માગ્યા કરે છે એટલે તને આ જાદુઈ થાળી ભેટ આપું છું... જમવાના સમયે તું આ થાળી પાસે જેટલું ભોજન માંગીશ, જે ભોજન માંગીશ તે તને તરત જ મળી જશે, પણ યાદ રાખજે કે દિવસમાં માત્ર એક જ વાર...'' અને ખડિંગ કરતી એક મોટી થાળી ઝાડના થડમાં પડી, ગબાએ તે લઇ લીધી... ગબાની અને ગબાના ઘરનાં ત્રણે જણની ભોજનની સમસ્યાનો એક નાના ઉપકારના બદલે અંત આવી ગયો...!

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨, મુજમહુડા,
વડોદરા-૩૯૦૦૨૦
(મો)૭૯૮૪૨૬૫૬૪૩

# શાળા અમારી વ્હાલુડી માવડી

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

ચાલ, બેટા આજથી તારે શાળામાં જવાનું છે, તને તૈયાર કરી લઉં.

'ના, મમ્મી મારે શાળામાં જવું નથી. હું તો ઘરે જ રહીશ.'

'બેટા, શાળામાં તો જવું જ પડે. શાળામાં ન જા તો તારા પપ્પા જે નોકરી કરે છે તેવી તું ન કરી શકે અને બજારમાં જઈએ ત્યારે પેલા લોકો સાફ-સફાઈ કરે છે, મજૂરી કરે છે તેવું તારે કરવું પડે. નીલમ કેયૂરને સમજાવતી સમજાવતી તેને તૈયાર કરવા લાગી. મહામુસીબતે તેને તે તૈયાર કરી શકી.

કેયુર શાળામાં જવાનું ના જ કહેતો રહ્યો હતો. કારણ તેની સોસાયટીના છોકરા-છોકરીઓએ તેને ભરમાવ્યો હતો. તેણે જ્યારે તેના મિત્રોને રમતાં રમતાં કહ્યું હતું કે, કાલથી મારે પણ શાળામાં જવાનું છે. ત્યારે તેને તેઓએ કહેલું કે શાળામાં સાહેબો-મેડમો મારે છે. જાતજાતની શિક્ષાઓ કરે છે. જે રડે તેને એક રૂમમાં પૂરી દે છે. આ સઘળું તેણે તૈયાર થતાં થતાં તેની મમ્મીને કહેલું. પણ તેની મમ્મી તેને શાળામાં જવા જ કહેતી.

'ચાલ, સ્કૂલ બેગ લઈ લે, તને શાળામાં મૂકી જાવ.'

'કેયૂર તો રડવા લાગ્યો, ના, મમ્મી મેં કહ્યુંને મારે શાળામાં નથી જવું' નીલમ અકળાઈ અને એક ધબ્બો બરડે માર્યો અને પછી હાથ પકડીને તેને ખેંચતી ખેંચતી શાળાએ લઈ ગઈ. શાળાના દરવાજે જઈને તેણે તેને શાળામાં જવા કહ્યું. પણ તે તો તેને વળગી જ રહ્યો. અને રડવા લાગ્યો. તેને રડતો જોઈને ચોકીદાર તેમની પાસે આવ્યા. તેમણે કેયૂરના માથે હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, 'બેટા, શાળામાં તો આવવું પડે.' નીલમે કેયૂરે કરેલી વાત તેમને કરી એટલે તે પ્રેમથી કહેવા લાગ્યા, 'બેટા, અહીં તો કોઈ તને મારે નહીં. બધા સાહેબો અને મેડમો ખૂબ જ સારા છે. તેને તારી મા જેવો પ્રેમ કરશે.''

આ વાત ચાલતી હતી ત્યાં જ શાળાના આચાર્ય એક્ટિવા લઈને આવ્યા. તેમણે તેમનું એક્ટિવા પાર્કિંગમાં મૂક્યું અને તેઓ પણ કેયૂર-નીલમ પાસે આવ્યા. નીલમે તેમને કેયૂરે કહેલી વાત કરી. આચાર્યે કહ્યું, 'બેટા, રડીશ નહિ. તેમણે તેના બરડે હાથ ફેરવતાં ફેરવતાં પુલકિત ચહેરે તેને કહ્યું, ''આ શાળામાં કોઈને કોઈ શિક્ષા કરવામાં આવતી નથી. મારવાની કે ઊભા રાખવાની કે અંગૂઠા પકડાવાની કે રૂમમાં પૂરી દેવાની, શિક્ષા અહીં થતી નથી. અહીં તો બધાં તને વહાલ કરશે. તું રડીશ નહીં. ચાલ શાળામાં ચાલ. તને કોઈ શિક્ષા કરે તો તું મને કહેવા આવજે.'

ત્યાં જ પહેલા ધોરણના મેડમ પણ આવ્યા અને તેમણે તો કેયૂરને બરાબર બાથમાં લીધો.

અને તેને કહ્યું, હું તને ભણાવવાની છું. કોઈ શિક્ષા હું તને નહીં કરું. તારે તો હું કરાવું તેમ કરવાનું. હું ગવડાવું તો ગાવાનું. વાતો કરું તો સાંભળવાની, પ્રશ્ન પૂછું તો જવાબ આપવાનો. રમાડું તો રમવાનું. ચાલ, મારી સાથે આપણે વર્ગમાં જઈએ. કેયૂરનું મન માનતું નહોતું. પણ મેડમ તેનો હાથ પકડીને તેના વર્ગમાં લઈ ગયા. નીલમ પણ ઘરે ગઈ.

શાળા છૂટવાનો સમય થવા આવતાં નીલમ કેયૂરને લેવા માટે શાળાએ ગઈ. દરવાજે બધા ઊભા હતા. તેઓ સાથે તે પણ ઊભી રહી. થોડીવારે શાળા છૂટવાનો બેલ વાગે છે ટન...ટન...ટન... ચોકીદાર દરવાજો ખોલે છે. પહેલાં ૧ થી ૪ ધોરણના બાળકોને વર્ગમાંથી લાઈનમાં દરવાજે મોકલવામાં આવે છે. પછી ૫ થી ૮ના બાળકોને પણ શાળા-મકાન દરવાજા સુધી લાઈનમાં આવવાનું. જે સાઈકલ લઈને આવ્યા હોય તે પાર્કિંગ સ્ટેન્ડેથી સાઈકલ લઈ દરવાજેથી ઘેર જઈ શકે.

પ્રથમ ધોરણના બાળકો લાઈનમાં આવે છે. કેયૂર પણ તે લાઈનમાં જ દરવાજે આવે છે. તેની મમ્મીને જોતાં જ તે તેને ભેટી પડે છે. પછી બન્ને સાથે હાથમાં હાથ પકડીને ઘરે જવા નીકળે છે. રસ્તે જતાં જતાં કેયૂર, નીલમને કહે છે, ‘‘મમ્મી મને જેઓએ કહ્યું હતું તેવું કંઈ થયું નહિ. સૌ પ્રથમ પ્રાર્થના થઈ અને તેમાં ૬-૭-૮ના વિદ્યાર્થીઓ જુદું જુદું વાંચતા હતા. પછી એક મેડમ ઊભા થયા અને તેમણે ખૂબ જ સરસ રીતે વાર્તા કહી. સવારે જે સાહેબ પહેલાં મળ્યા હતા તેમણે બધાને અભિનંદન આપ્યા. પછી લાઈનમાં બધાં વર્ગમાં ગયા. વર્ગમાં સવારે જે મેડમ મળ્યા હતા તે આવ્યા. પહેલાં બધાંના નામ બોલ્યા અને આંગળી ઊંચી કરવા કહ્યું. બે જણ આવ્યા નહોતા. પછી મેડમે ગીતો ગવડાવ્યા. પછી વાર્તા કહી. પછી કક્કો બોલાવ્યો. એકડાં બોલાવ્યા. કક્કો બોલાવતા એક એક અક્ષરના ચાર-પાંચ ચિત્રો બતાવીને બોલાવતા તેમણે કહ્યું, તમે બધાં તૈયાર થશો એટલે આપણે નાટક પણ કરીશું. મને મજા આવી ગઈ.

સવારે રડતો કેયૂર સાંજે હસતા હસતા ઘેર જાય છે. થોડા દિવસમાં તો ત્યાં ગવડાવાતાં ગીતો ગાય છે. પ્રાર્થનામાં દરરોજ ગવડાવાતું ગીત તો તે દરરોજ ગાય છે. ‘શાળા અમારી વ્હાલુડી માવડી’ તેના ખુશીપણાથી મમ્મી-પપ્પા પણ ખુશ રહેવા લાગ્યા. તેની મમ્મી તો ખૂબ ખુશ રહેતી. કારણ કે તે કેયૂરને લેવા જાય ત્યારે કેયૂરના મેડમ બાળકોને લઈને દરવાજે આવતાં અને એક-એકના લેવા આવનારને મળતા. વાતો કરતા. તેની મમ્મી પણ ચોકીદાર, સાહેબો, મેડમો જે મળે તેમને પ્રણામ કરતી. આભાર માનતી.

શિસ્ત એ વિદ્યાર્થીએ જ પાળવાની હોય છે. પુસ્તકોની દોસ્તી માત્ર વિદ્યાર્થીએ જ કરવાની હોય છે. તેમજ વ્યાયામ પણ વિદ્યાર્થીઓએ જ કરવાનો હોય છે. શિસ્ત પુસ્તકો અને વ્યાયામ પ્રત્યેનું આવું અણસમજથી ભરેલું મોટેરાઓનું વલણ ખરેખર દુઃખદ અને દયાને પાત્ર છે.

**- રઘુભાઈ નાયક**

# મોબાઈલને બદલે રમકડાંની રમત

- પ્રીતિ શાહ

એમ કહેવાય છે કે જરૂરિયાત એ સંશોધનની માતા છે. એ રીતે વિશ્વમાં અનેક સંશોધનો થયાં છે. એમાં વધુ એક ઉમેરો કર્યો મીતા શર્મા ગુપ્તાએ. આઈ.આઈ.ટી. દિલ્હીમાંથી બી.ટૅક. કરીને મીતાએ પીએચ.ડી.ના અભ્યાસાર્થે હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. થોડો સમય અમેરિકા રહ્યા પછી કુટુંબ સાથે રહેવા તે ૨૦૧૨માં દિલ્હી પાછી આવી. દિલ્હી આવ્યા પછી તેના બે વર્ષના પુત્ર માટે સારાં રમકડાંની એણે શોધ આદરી, પરંતુ તેને તેમાં નિષ્ફળતા સાંપડી. કારણ કે તેની જરૂરિયાત એવાં રમકડાંની હતી જે ટકાઉ હોય અને તેમાં પ્લાસ્ટિક કે ઈલેક્ટ્રૉનિક્સનો ઉપયોગ થયો ન હોય. એ જ્યારે અમેરિકા હતી, ત્યારે તેના મોટા પુત્ર માટે તે આવાં ટકાઉ, જ્ઞાનવર્ધક અને બાળકનો માનસિક વિકાસ થાય તેવાં રમકડાં લાવતી હતી, તેથી અહીં દિલ્હીમાં પણ એવાં જ રમકડાં મળશે એવી તેને આશા હતી, પરંતુ અહીં મળતાં રમકડાંમાં એણે જોયું કે પ્લાસ્ટિક વાપરવામાં આવતું હતું અથવા ઈલેક્ટ્રૉનિક્સના નાના પાર્ટ્સ આવતા હતા, જે બાળકો માટે સલામત નહોતા.

મીતા આઈબીએમ સાથે કામ કરતી, તેથી જ્યારે અમેરિકા જાય, ત્યારે કોઈ ને કોઈ રમકડાં લાવતી હતી, પરંતુ તેને વિચાર આવ્યો કે ભારતમાં જો આવા રમકડાં ન મળતાં હોય તો તે શા માટે અહીં ન બનાવવાં? આ વિચારથી તે ઉત્સાહિત થઈ. તે કહે છે કે તેણે રમકડાં ડિઝાઇન કરવાની કોઈ ટેકનિકલ તાલીમ નહોતી લીધી, પરંતુ સારી ગુણવત્તાવાળાં અને પોષાઈ શકે તેવી કિંમતનાં રમકડાં બનાવવાની તેની ઇચ્છા હતી અને એમાંથી ૨૦૧૬માં 'શુમી' બ્રાંડનો જન્મ થયો. મીતાએ જુદી જુદી ઉંમરનાં બાળકો માટે જુદા જુદા પ્રકારનાં રમકડાં બનાવ્યાં. ઘૂઘરા જેવો ખખડાટ થાય તેવાં રમકડાં લીમડાના લાકડામાંથી બનાવ્યાં અને તેના પર કાપડ પર વપરાતા રંગનો ઉપયોગ કર્યો. નવાસવા ચાલતાં શીખતા બાળક માટે ટૉડલર્સ બનાવ્યું, જેને પકડીને તે ચાલે. આ ટૉડલર્સ પણ તેણે લીમડાના લાકડાંમાંથી બનાવ્યું છે. આનાથી બાળકની મોટર સ્કીલ અર્થાત્ મસલ્સ, મગજ અને નર્વસ સિસ્ટમનો યોગ્ય રીતે વિકાસ થાય છે. બાળરોગનિષ્ણાત ડૉક્ટરોએ આને પ્રમાણભૂત ગણાવ્યું. દાંત આવતાં હોય તેવાં બાળકો માટે નુકસાન ન કરે તેવું ચૂસણિયું બનાવ્યું. લાકડાનું નાનકડું ડ્રમ બનાવ્યું જે બાળકોને આનંદ આપે.

એનાં ઘણાં રમકડાંમાંનું એક ખૂબ સફળ થયું તે રમકડું ત્રિકોણાકારનું છે, જે એક રમકડામાં પાંચ પ્રકારની પ્રવૃત્તિ થાય છે. ત્રિકોણાકાર રમકડામાં જે મણકા આપવામાં આવે છે, તેનાથી

બાળક રંગની પરખ કરતાં શીખે છે. તે ઉપરાંત ગણતરી કરતાં શીખે છે. તો ઉપર અને નીચેના કેસમાં અંગ્રેજી અક્ષરો આપવામાં આવે છે. તેના બોર્ડ પર એક બાજુ ઘડિયાળ હોય છે, જેથી સમય જોતાં શીખે. એની સાથે બાળક લખી શકે તેવું નાનું બ્લેકબોર્ડ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત અનેક પ્રકારની પઝલ અને પરંપરાગત વાર્તાઓ પર આધારિત એવી બોર્ડગેઈમ પણ બનાવે છે. જેમ કે જાતક-કથામાંથી તરસ્યા કાગડાની વાર્તા માટે તેઓ લાકડાનો કાગડો અને હાથે બનાવેલા મણકાનો ઉપયોગ કરે છે. આવી રીતે કલાત્મક તત્ત્વો સાથે બાળકોને મજા આવે તેવાં રમકડાં બનાવે છે.

શુમી બ્રાંડનાં રમકડાં બાળકો માટે સલામત છે. તે લીમડા, આંબા કે ભોજના વૃક્ષના લાકડામાંથી બનાવે છે. ભોજના વૃક્ષમાંથી બનાવેલ રમકડાં તૂટવાનો ભય હોતો નથી. તેમાંથી તેઓ રોકિંગ હોર્સ બનાવે છે, જેના પર બેસીને બાળકો અખૂટ આનંદ મેળવી શકે છે અને તે પેઢી દર પેઢી સુધી ચાલે છે. તેનાં રમકડાંની ગુણવત્તા જોઈને લોકોને એમ થાય છે કે આ પરદેશથી આવેલાં છે, પરંતુ મીતા સતત તેની સારી ગુણવત્તા જળવાઈ રહે તેવા પ્રયત્ન કરે છે. તેમાં વપરાતા રંગ અને અન્ય સામગ્રી અમેરિકન, યુરોપિયન અને ભારતીય માપદંડ પ્રમાણે પ્રમાણિત કરાવેલ હોય છે. તેમણે પોતે પણ એક લૅબોરેટરી ઊભી કરી છે, જે રમકડાંમાં વપરાતી તમામ સામગ્રીની ચકાસણી કરે છે. આજે મીતા શર્માનાં 'શુમી' રમકડાંથી અમેરિકા, ઇંગ્લૅન્ડ, યુ.એ.ઈ., સિંગાપોર અને ભારતની માતાઓ ખુશ છે. આજે મીતાને મહિને આઠ હજાર જેટલા ઑર્ડર મળે છે અને સમગ્ર ભારતમાં એકસો જેટલા કારીગરો આ રમકડાં બનાવે છે.

આજે ૪૬ વર્ષની મીતા પોતાના અનુભવોની વાત કરતાં કહે છે કે, 'રમકડાં દ્વારા કૌશલ્ય વિકસાવવાની વાતમાં અનેક પડકારો રહેલા છે અને ઘણી શક્યતાઓ રહેલી છે. આજના સ્પર્ધાત્મક સમયમાં આવાં રમકડાંઓનું ઉત્પાદન કરાવવું અને તેને સહુને પોષાય તેવી કિંમતે આપવું મુશ્કેલ હોય છે, પરંતુ 'શુમી'ની મારી યાત્રા અદ્‌ભુત અને આનંદદાયક રહી છે.' આ સમયગાળા દરમિયાન મીતાએ માત્ર રમકડાં પર જ ધ્યાન ન આપ્યું, પરંતુ બ્લોગ, લેખ અને પ્રત્યક્ષ મુલાકાતથી માતાઓને શીખવ્યું કે તમે તમારા બાળકને અસંખ્ય સારી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખીને ટી.વી. કે મોબાઈલ સ્ક્રીનથી કેવી રીતે દૂર રાખી શકો. મીતા કહે છે કે માતા-પિતા ઇચ્છે છે કે તેનું બાળક ઓછા સમયમાં ઝડપથી બધું શીખી જાય, પરંતુ બાળકને મુક્ત અને ખુલ્લા વાતાવરણમાં સહજ રીતે રમવા દેવું જોઈએ. તેને સતત માર્ગદર્શન ન આપવું જોઈએ કે રમકડાં બાળકો પર હાવી થવા દેવાં જોઈએ નહીં. જાણીતી અભિનેત્રી દિયા મિર્ઝા એક માતા તરીકે એવાં ઉત્પાદનોમાં શોધમાં રહે છે કે જે સુરક્ષા આપે અને પર્યાવરણને અનુકૂળ હોય. આમ દિયા મિર્ઝાની મીતા સાથે મુલાકાત થઈ અને ૨૦૨૧માં એણે 'શુમી'માં મૂડીરોકાણ કર્યું. આજે 'શુમી'માં એકસાથે વધારે રમકડાં અને રમતો છે. મીતાની ઇચ્છા સર્વશ્રેષ્ઠ રમકડાંનું ઉત્પાદન કરવાની છે.

# સાચા હીરાનો ઘડવૈયો

- હીરજીભાઈ નાકરાણી

નિર્જીવ પથ્થરમાં પ્રાણ પૂરવો સહેલો નથી. આ કામ લોઢાના ચણા ચાવવા જેવું કઠિન છે. બંધ આંખે અંતરના દ્વાર ખોલી જોવું પડે છે કે આ અણઘડ પથ્થરમાં ક્યા દેવ દેવીના કે કઈ મહાન વ્યક્તિનો દેહ છુપાઈને પડ્યો છે? તેને ઊચકીને ઘરે લઈ જાય છે. હાથમાં ટાંકણું પકડી વધારાના ભાગો શિફતથી કાઢી નાખે છે. આ નકામો ભાગ મૂર્તિને પ્રગટ થતા અટકાવી રહ્યો છે.

ધીમે ધીમે ખૂબ કાળજી અને એકગ્રતા વધારાનો ભાગ ખસેડી લઈ માનવ સ્વરૂપને બહાર કાઢે છે. આમ શિલ્પીને પણ પોતાનું અનોખું કૌવત, કૌશલ્ય હોય છે. પથ્થર નિર્જીવ છે, ટાંકણું પણ નિર્જીવ છે. જ્યારે શિલ્પી આંગળાં, આંખ અને અંતરની સંવેદના નિર્જીવ નથી. તે ભાવભીની છે. તેથી નિર્જીવને સજીવ બનાવવામાં પોતાનો પ્રાણ રેડી દે છે. પછી જ તે સર્જનનો આત્મીય આનંદ માણી શકે છે.

મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થતાં સદ્‌ભાવનું પૂજ્ય ભાવનું સામૂહિક રીતે આરોપણ થયા પછી મૂર્તિનું અસલ સૌંદર્ય નીખરી ઊઠે છે. પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી જ મૂર્તિ પૂજનીય બને છે.

બસ આવું જ કંઈક શિક્ષકનું હોય છે. તેના હાથમાં અણઘડ અને અભણ હીરા આવે છે. નિર્જીવ હીરાને ઘડવો સહેલો છે પણ પ્રથમ તેને ઘડવાની તાલીમ લેવી પડે છે. પછી તે હીરાને મૂલ્યવાન બનાવી શકે છે. આ રીતે સાચા હીરાને ઘડવા માટે પણ તાલીમ લેવી પડે છે. તે માટે સૌ પ્રથમ જોઈએ પ્રેમ, વાત્સલ્ય, સમસંવેદના. તેને વહાલ આપ્યા વગર વાલી થવાતું નથી. ત્યાગ અને સમર્પણ વગર શિલ્પી થવાતું નથી. આ હીરો ઘડવો સહેલો નથી. બહુ જ કઠિન કામ છે, છતાં અશક્ય નથી.

પ્રમાણપત્રથી શિક્ષક બની જવાય પણ તેથી ગુરુ ન બનાય. ગુરુત્વ મેળવવું સહેલું તો નથી જ. તે માટે સાધક બની સાધના અને આરાધના બન્ને કરવા પડે છે.

સૌરાષ્ટ્રમાં સતત દુકાળ પડવાને કારણે યુવાધન પેટિયું રળવા સુરત તરફ દોડ્યું. હીરા ઘડવાનો વ્યવસાય પુરબહારમાં વિકસી રહ્યો હતો. તેમાં અભણ પણ ચાલે. થોડું ભણેલા પણ ચાલે અને વધુ ભણેલા પણ ચાલે, અલબત્ત પ્રથમ તેની તાલીમ લેવી પડે છે. તાલીમ વગર કૌશલ્ય પ્રાપ્ત થતું નથી.

એસ.એસ.સી. સુધી ભણીને પ્રભુએ ખૂબ વિચારી સમજીને સુરત તરફ દોટ ન મૂકી પણ તેણે તો સાચા હીરા ઘડવાનું નક્કી કરી લીધું હતું એટલે તેણે સુરતને બદલે સુરેન્દ્રનગરની વાટ પકડી. સાચા હીરાને ઘસીને ઉજળા કરવાની તાલીમી સંસ્થામાં દાખલ થઈ ગયો. બે વર્ષની તાલીમ લીધા પછી સરકારી શાળાના બાળકોના ચારિત્ર્ય ઘડતરનો ઘડવૈયો થઈ ગયો.

શિક્ષક આશાવાદી હોવો જોઈએ, સકારાત્મક વિચારો ધરાવતો હોવો જોઈએ અને ગુરુત્વ મેળવવા માટે આગળ કહ્યું તેમ વિશિષ્ટ ગુણો ધરાવતો હોવો જોઈએ. સતત કાર્યશીલ, સતત અભ્યાસુ અને બાળકોને પોતાના હૃદયપ્રદેશના સ્વામી બનાવી તેમાં ઓળઘોળ થઈ જવાની ક્ષમતા ન મેળવે ત્યાં સુધી તેને ગુરુત્વ પ્રાપ્ત થતું નથી.

પેટિયું રળવા માટે સરકારી નોકરી લેવી પડી એ વાત અલગ છે પણ માયલો કંઈક જુદી જ પ્રેરણા આપી રહ્યો હતો. કંઈક નવું કરવાના સ્વપ્નો કંડારી રહ્યો હતો. પોતાના ગામ ભદ્રાવડી તથા તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારના કુમાર-કુમારીઓ માટે છાત્રાલયવાળી શાળા શરૂ કરવાના કોડ જાગ્યા.

અંતે ગામના લોકોના સહકારથી, ગામના પાદરની જમીન પ્રાપ્ત કરી તેમાં સ્વતંત્ર શિક્ષણ સંકુલ ઊભું કરવાનું નક્કી કર્યું. સંત કબીરના ભજનની એક પંક્તિ પ્રેરણારૂપ થઈ પડી [illegible] પ્રભુએ પોતાના આધ્યાત્મિક ગુરુ પૂ. આત્માનંદ સરસ્વતીનું શરણું લીધું. તેમની પ્રેરણા અને માર્ગદર્શન લઈ ૧૯૯૬માં શ્રી શાંતિનિકેતન ટ્રસ્ટની રચના કરી. તેના નેતૃત્વ હેઠળ નંદિગ્રામ શિક્ષણ સંકુલ ઊભું કર્યું. આગળ નિર્દેશ કર્યા મુજબ ૮ થી ૧૦નું માધ્યમિક વિદ્યાલય શરૂ કર્યું. તે માટે ભાવનાશીલ સેવાભાવથી શિક્ષકો અને ગૃહપતિ મળી ગયા. બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે આ છાત્રાલય આશીર્વાદરૂપ બની ગયું.

ત્રણ વર્ષને અંતે શાળાની સંખ્યા ૧૭૦ જેટલી થઈ એસ.એસ.સી.નું સારું પરિણામ મેળવતા લોકોમાં શાળાની શાન વધી. લોકોને સદ્ભાવ વધતો ગયો. પરિણામે ઉત્તરોત્તર સંખ્યામાં વધારો થતો ગયો. આજે ૯૦૦ જેટલી સંખ્યા આ સંકુલમાં ભણી રહી છે. સંસ્થા વૃક્ષોથી રળિયામણી બની ગઈ છે.

અહીંના વિદ્યાર્થીઓને આગળ ભણવા માટે દૂર બોટાદ સુધી લાંબા થવું પડતું હતું. વિદ્યાર્થીઓ ત્રણે ઋતુમાં હેરાન પરેશાન થતા જોઈને પ્રભુને માટે અસહ્ય બનતું રહ્યું. તેમાંથી એક નવી સંવેદના જાગી તે માટે બોટાદ, ભદ્રાવડી અને હડદડ ગામની સીમમાં એક નવું શિક્ષણ સંકુલ ઊભું કરવાનું વિચાર્યું. તે માટે પણ અલગ ટ્રસ્ટની ૨૦૦૧માં રચના કરી. જેનું નામ રાખ્યું તક્ષશિલા ટ્રસ્ટ.

જાહેર રસ્તા કાંઠેની જમીન ખરીદી. તેમાં મકાનો બાંધી આદર્શ શિક્ષણ સંકુલનું સ્વપ્ન સાકાર કરવા માટેનો પુરુષાર્થ શરૂ થયો. બે હાથ વગર તાળી ન પડે. એકલો માણસ કેટલું દોડે? એક બૅંકનો કર્મચારી મિત્ર મળી ગયો. તેના સહકારથી અને લોકફાળાથી જમીન લીધી. તેના પર સંકુલના મકાનો બન્યા. બાલમંદિરથી માંડી ઉચ્ચત્તર સુધી શિક્ષણની વ્યવસ્થા થઈ. સંસ્થા નિવાસી સંસ્થા બની. કુમાર, કન્યા અલગ છાત્રાલયો શરૂ થયા.

આગળ અભ્યાસ માટે પી.ટી.સી. કૉલેજ શરૂ થઈ. તેમાં પ્રાયોગિક શિક્ષણ માટે વ્યવસ્થા થઈ. પ્રવેશ માટે પડાપડી થઈ. સંકુલ શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતું થયું.

પ્રભુ આટલાથી પણ અટકી ન ગયો.

વિનયન, સાયન્સ કૉલેજ શરૂ કરી. તેમાં પણ પ્રવેશનો મારો બોલ્યો. બહુ ટૂંકા સમયમાં ખૂબ પ્રશસ્તી મેળવી.

કોવિડ-૧૯માં રોગના ભોગ બનેલ માતા-પિતાનું અવસાન થતાં તેમના સંતાનોને મફત ભણવાની સુવિધા આપવામાં આવે છે.

જેની માતા મૃત્યુ પામી હોય અને પિતા જીવતા હોય તેના સંતાનને અડધી ફી લઈને શિક્ષણ અપાય છે.

સંસ્થાનું આ પગલું ખૂબ પ્રશંસનીય બન્યું છે. આ બધી રાહતોથી સમાજમાં સંસ્થાની પ્રતિષ્ઠા વધી છે અને વાલીઓનો પણ ઉદાર અભિગમ સર્જાયો છે.

પ્રભુએ ચાલુ નોકરીએ સંસ્થાના વહીવટી ટ્રસ્ટી તરીકે પૂરા ૩૦ વર્ષ સુધી માનદ્ સેવા આપી. અને ૨૦૨૨માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ સંસ્થાની સેવામાં સંપૂર્ણ સમર્પિત થઈ ગયો છે. હવે સતત તેમની હાજરીને કારણે દરેક વિભાગના વિકાસમાં નવો પ્રાણ પૂરાશે અને સૌને ઊર્જા આપતો રહેશે. આશા રાખીએ તેમનું પ્રેરકબળ પૂ. સ્વામી આત્માનંદ સરસ્વતી છે એટલે રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતરનું કામ ખૂબ સાચી રીતે થતું રહેશે.

જેમ વ્યક્તિને પોતાનું વ્યક્તિગત અંગત ચારિત્ર્ય હોય છે, જેના બળે તે સતત ઊર્જાશીલ રહેતો હોય છે, તેવી રીતે સંસ્થાનું પણ વિશિષ્ટ ચારિત્ર્ય હોય છે, જેના નિર્માણમાં સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ, સંચાલકો, સેવકો અને વિદ્યાર્થીઓ તથા સંસ્થાના હિતેચ્છુઓનો ભાવસભર ફાળો રહેલો હોય છે.

સંસ્થાનું ચારિત્ર્ય એ સંસ્થાનો પ્રાણ હોય છે. આ પ્રાણને નિત્ય મજબૂત બનાવવાની જવાબદારી નાનાથી માંડીને મોટા સુધીના તમામ સેવકોની હોય છે. તેમના અમૂલ્ય ફાળાથી, ટેકાથી સંસ્થા અડગ રહે છે.

રામસેતુ બાંધવામાં એક નાનકડી ખિસકોલીની રામભક્તિનું મૂલ્ય ઓછું નથી અંકાતું. તેની ઉપેક્ષા કોઈએ ન કરી. સૌએ તેના ભક્તિ અને પુરુષાર્થને શ્રદ્ધાપૂર્વક આવકારી હતી.

જે સંસ્થાના તમામ સેવકોમાં ધર્મભાવની નિષ્ઠા હોય ત્યાં ફરજને કોઈ સ્થાન નથી હોતું. ફરજમાં ક્યારેક પણ ચૂક થઈ જવાના યોગ આવી શકે છે. પણ ધર્મમાં ચૂક નથી આવતી. ધર્મભાવ પવિત્ર અને નિઃસ્વાર્થ હોય છે.

જેમ મોર તેના પીંછાથી રળિયામણો લાગે છે, તેમ સંસ્થા તેના નાના-મોટા તમામ સેવકોની નિષ્ઠા અને શ્રદ્ધાથી રળિયામણી લાગતી હોય છે.

ભાઈ પ્રભુદાસે આદર્શ શિક્ષણ સંકુલને નિષ્ઠા અને દૃષ્ટિથી શણગારવાનો જે પુરુષાર્થ કર્યો છે તે દાદ માંગી લે તેવો છે. સંસ્થાની સ્વચ્છતા અને સુઘડતાની આગ્રહી, નિયમિતતાના આગ્રહી, સ્વચ્છ વહીવટનાં આગ્રહે આજ સુધી કોઈ નબળું કાર્ય થવા દીધું નથી. આવા ઉત્સાહી, નમ્ર, વિવેકશીલ, વાણી સંયમી અને પ્રેમભર્યા વર્તન વ્યવહારથી સમાજનું દિલ જીતનાર પ્રભુને પ્રભુ જ પ્રેરણા અને ઉત્સાહ તથા ઊર્જા આપી શકે.

**સંકુલની વિશેષતા :**

- સૌ પ્રથમ પ્રાથમિક શાળાના બાળકોની

પરીક્ષા સત્ર દીઠ લેવાય છે અને તેના વાલીઓને પરિણામ મોકલાય છે, જેથી વાલીઓને ખબર પડે કે પોતાનો હીરો કેવો ચળકે છે.

- બાળકોની શારીરિક, માનસિક અને સાંવેગિક ઊર્જાના વિકાસ માટે સૈદ્ધાંતિક સાથે પ્રાયોગિક જ્ઞાન પર વિશેષ ભાર આપવામાં આવે છે. તે પણ સ્પર્ધાત્મક રીતે નહીં પણ આનંદ અને સંતોષના ભાગ રૂપે. કંઈક નવું મેળવવાની, જાહેરમાં પોતાની કલા ઊર્જાનું પ્રદર્શન કરવાની નિર્ભયતા પેદા કરવા માટે રમાય છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઈર્ષાત્મક સ્પર્ધા નહીં પણ નિજાનંદની મસ્તી માણવા ને નિર્દોષ આનંદ મેળવી પોતાના કૌશલ્યોને પ્રોત્સાહન મળતું રહે તે માટે ભાગ લેવાય છે.
- માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, ઉચ્ચ શિક્ષણમાં કોમર્સ, સાયન્સ તથા બી.એડ્., એમ.એસ.ડબલ્યુ, બી.એસસી. અને એમ.એસસી. (આઈટી) ના વાર્ષિક પરિણામો ૧૦૦% આવ્યા છે. આટલાં ઉજજવળ પરિણામોએ સમગ્ર જિલ્લામાં 'આદર્શ શિક્ષણ સંકુલ'નું નામ રોશન થઈ ગયું છે. આશાસ્પદને ઉજ્વળ પરિણામો આવતાં રહ્યાં તેથી નવાં પ્રવેશમાં ખૂબ ધસારો થવા લાગ્યો છે. આંતરક્ષેત્રીય બાહ્ય પરીક્ષાઓ પણ અહીં લેવાય છે. જેમ કે ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા આયોજિત નિબંધ સ્પર્ધા, વિકાસ વર્તુળ આયોજિત સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓ, મોંઘીબહેન બાલવિહાર ટ્રસ્ટ ભાવનગર આયોજિત ૪ થી ૮ શ્રેણીની કસોટીઓ.

- ભારતીય સંસ્કૃતિ (હરિદ્વાર) આયોજિત શ્રેણી-૫ની સ્પર્ધાત્મક પરીક્ષા પણ અહીં લેવાય છે. આ પરીક્ષા થકી વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન વધે છે અને બહુમુખી વિકાસમાં આ પરીક્ષાઓ ખૂબ ઉપયોગી થઈ છે.

સર્ટિફિકેટથી શિક્ષકની નોકરી મળે પણ શિક્ષત્વ મેળવવું ઘણું દૂર હોય છે. શિક્ષક તરીકેના લક્ષણો કે ગુણ વારસામાંથી કે પુરુષાર્થથી જ મેળવી શકાય છે. શિક્ષક થવું બહુ સહેલું છે પણ શિક્ષક બનવું એટલું અઘરું અને કષ્ટદાયક છે.

કોઈ કામ ફરજ માનીને કરવામાં આવે તો ઘણી વખત તેમાં બરકત નથી આવતી પણ જો સોંપાયેલી જવાબદારીપૂર્વકના કામને સ્વધર્મ સમજીને કે સ્વધર્મ માનીને કરવામાં આવે તો તે કામમાં પાછું વાળીને જોવાની જરૂર પડતી નથી. ઠોકી બેસાડેલી ફરજ તો ધર્મથી જોજનો દૂર હોય છે.

ધર્મમાં પવિત્ર ભાવ હોય છે. આપણે મંદિરે દર્શન કરવા જઈએ છીએ ત્યારે કયા ભાવથી જઈએ છીએ? પોતાના અહમ્‌ને, વ્યક્તિત્વને કોરણે મૂકીને નમ્રતાથી બે હાથ જોડીને, મસ્તક નીચે નમાવી પગે પડી જઈએ છીએ. વધુ શ્રદ્ધા અને પવિત્રભાવ હોય તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતી વખતે બે હાથ લાંબા કરી શરીરના આઠ અંગને ધરતી સાથે જોડી દઈએ છીએ.

મંદિર ઈશ્વર સાધનાનું પવિત્ર સ્થળ હોય છે તેવી જ રીતે શાળા એ સરસ્વતી માતાનું મંદિર સમજી આપણા હૃદયપ્રદેશનું ધર્મસ્થાન જો બની જાય તો શિષ્યનું જીવન પલટાઈ જાય.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

# ગાંધી-સરદાર-નહેરુ

**- બી. જી. કાનાણી**

ગાંધી-સરદાર અને નહેરુ એ ભારતની જ નહિ પણ વિશ્વની અનન્ય, અનુપમ અને અજોડ ત્રિપુટી હતી. દોઢ દાયકામાં ગુલામ ભારતમાં અંધકારમય યુગમાં જ્યારે ખાસ જરૂર હતી ત્યારે ત્રણ મહાપુરુષો જન્મ્યા તે ખરેખર અદ્‌ભુત ઘટના ગણાય.

ગાંધીજી મધ્યમ વર્ગમાંથી દીવાનપુત્ર, સરદાર ધરતીપુત્ર (કિસાન પુત્ર) હતાં જ્યારે નહેરુ ગર્ભશ્રીમંત બેરિસ્ટર પુત્ર હતા. ગાંધીજી વિચારપુરૂષ, સરદાર કર્તવ્ય પુરૂષ જ્યારે નહેરુ આદર્શવાદી સ્વપ્નશીલ હતા. શમણાના સોદાગર હતા. પશ્ચિમની સમૃદ્ધિ ભારતમાં પણ પ્રગટે તે જોવા ખૂબ જ અધીરા હતા. ગાંધીજી મહાત્માને શોભે તેવી અવ્યવહારૂ ઉદારતાના મસિહા હતા. સરદાર કાર્યદક્ષ અને કાબેલ શાસક હતા. જ્યારે નહેરુ કલ્પનામાં રચનાર સ્વપ્નશીલ કવિ અને શાંતિચાહક હતા. ગાંધીજી પ્રેરક અને ભારતના મુક્તિદાતા, સરદાર સંગઠક અને અખંડ ભારતના ભાગ્ય નિર્માતા, જ્યારે નેહરુ વિચારક અને ભારતના વિકાસકાર હતા. ગાંધીજી અને સરદાર ગુરુ-શિષ્ય વચ્ચેનું તાદાત્મ અદ્‌ભુત હતું. જ્યારે ગાંધીજી અને નહેરુ કે સરદાર અને નહેરુ વચ્ચેનું તાદાત્મય સામાન્ય રહેલ.

ગાંધીજી દૃષ્ટા હતા. નહેરુ સ્વપ્નસ્થ હતા. જ્યારે સરદાર હંમેશા નક્કર ધારા પર વિચારનાર હતા. ગાંધીજી સિદ્ધાંતોનું ઉચ્ચારણ કરતાં. સરદાર તેનો અમલ કરતાં અને નહેરુ તે સમજાવતા. ગાંધીજી ભારતીય પરંપરાના પાકેલાં પુણ્યફળ જેવા હતા. સરદાર પરિશ્રમ પરિણામરૂપ પુણ્યપુષ્પ કપાસના ફૂલ જેવા. જ્યારે નહેરુ ગુલાબના ફૂલ જેવાં સુગંધીદાર અને સુંદર હતા. બ્રહ્મચર્ય અને સહચર્ય બંનેની ઝંખનાઓએ ગાંધી-નહેરુને બરાબર રંજાડ્યાં હતા. પણ ૩૩ વર્ષની ભરયુવાનીએ વિધુર બનેલા સરદારના સહચર્યથી (જીવનશૈલી)ના કારણે એમને કદી સ્ત્રી (કામિની) અંગે વિચારવાની જરૂરત ઊભી થઈ નથી.

ગાંધીજીને પટેલ અને નહેરુ પોતાનું કાર્ય આગળ ધપાવનાર બે પુત્રો સમાન હતા. જમણા ડાબા હાથ સમાન હતા. પંડિતજીને ખુશામત અસર કરતી પણ વાસ્તવદર્શી સરદારને હરગિજ નહીં. સરદાર અને નહેરુની અન્યોન્ય પૂરકતા અફલાતુન હતી. બંને એકબીજા વગર અધૂરા હતા. બંનેનું મિલન થયું ત્યારે જાણે એક પ્રકારની પૂર્ણતાની પ્રતિતી સૌને થતી. નહેરુ આકાશમાં ઊભેલા મેઘધનુષ્ય જેવા હતા. જ્યારે સરદાર એટલે ખેતરમાં ઊગેલું કપાસનું ફૂલ. બંનેની આવી અન્યોન્ય પૂરકતાની ખરી ખબર ગાંધીજી અને લોર્ડ માઉન્ટબેટનને હતી. માઉન્ટબેટન સંબંધની દૃષ્ટિએ નહેરુની નજીક હતા પણ કામની વાત આવે ત્યારે કર્મયોગી સરદાર સાથે એમને વધારે ફાવતું.

ભારતના ભાગલા સમયે કાળજા કંપવનારી પરિસ્થિતિમાં ગાંધીજી, કલકત્તા, બિહાર, નૌઆખલી અને દિલ્હીમાં વન મેન આર્મી બનીને આગ ઠારી રહ્યા હતા. (મહોમદઅલી ઝીણા કોમવાદને ભડકાવી રહ્યા હતા.) સરદાર પોતાની રીતે ગૃહપ્રધાન તરીકે ભાંગફોડિયા અને કોમવાદી તત્ત્વોને લાલ આંખ કરીને સખણાં રાખી રહ્યા હતા. જ્યારે શાંતિચાહક, કવિ વડાપ્રધાન નહેરુ કોમી રમખાણોના સમાચારોથી વિહવળ અને ગમગીન થઈ ગયા હતા.

નહેરુનું સરદાર પ્રત્યેનું વલણ કદાચ ઈર્ષાળુ હશે. પણ સરદારને નહેરુ પ્રત્યે કોઈ સ્પર્ધાનો કે ઈર્ષાનો ભાવ હોય તેવું ક્યાંય જણાતું નથી. કાયમ સરદારે ગાંધીજી પ્રત્યે ભક્તિભાવ અને નહેરુ પ્રત્યે આદરભાવ દર્શાવ્યો છે. ગાંધીજીના મનમાં ગમે તે હોય, નહેરુની લાગણી ગમે તેવી હોય, સરદારને પક્ષે કોઈ કડવાશ ક્યારેય દેખાઈ નથી. સરદારે ક્યારેય કોઈનેય પોતાને અન્યાય થયાની વાત કરી નથી. હરહંમેશા સરદારમાં ત્યાગ, સમર્પણ અને ફકીરી દેખાય છે. ગાંધીજીનો શબ્દ સરદાર માટે પવિત્ર આજ્ઞા સમાન છે, બ્રહ્મવાક્ય સમાન છે. અર્જુનના કૃષ્ણ તરફના ભાવની જેમ ગાંધીજી માટે તો 'કરીષ્યે વચનમ્ તવ્' એ ભાવ સર્વોપરી હતો. ગાંધીજીએ કહ્યું, 'જવાહર વડાપ્રધાન બને' અને સરદારનો વડાપ્રધાન પદનો ત્યાગ મહાભારતના ભીષ્મની યાદ અપાવે છે.

સામાન્ય માણસ જેવા રાગ-દ્વેષથી જવાહરલાલને કાયમ મૂલવી શકાય. તે દુનિયાના દુન્યવી હતી. સામાન્ય માણસ જેવા મોહ-માયા અને દ્વેષને વશ હતા. પણ ગાંધીજી કે સરદારને મૂલવવા હોય તો સામાન્ય માણસનો માપદંડ ન ચાલે. તે બંને દુનિયામાં હતા પણ દુનિયાથી થોડા પર હતા. ગાંધી-સરદારને મૂલવવા માટે તેમનું જીવન જુઓ. તેઓની વાણી જુઓ. તેઓની ધર્મભાવના જુઓ. આપણા ગજથી એમને ન મપાય. એમને માટે જુદો માપદંડ જોઈએ.

ગાંધીજી ગણતરીબાજ વાણિયા નહોતા સરદાર ખટપટિયા પટેલિયા નહોતા. આ જુગલ જોડીમાં દિવ્યતાના અંશ હતા. બંને સંત જેવા, ઋષિ સમાન હતા.

ગુરૂ ગાંધીજીની આજ્ઞા શિરોમાન્ય ગણીને સરદારે ચાર-ચાર વખત કોંગ્રેસ પ્રમુખનો હક નહેરુને આપ્યો હતો. એ જમાનામાં કોંગ્રેસ પ્રમુખને રાષ્ટ્રપતિ કહેવાનો રિવાજ હતો. મહાત્મા એક જ ધોતીથી ચલાવતા, સરદાર સમાજવાદના વિરોધી હતા છતાં પણ એકદમ સાદું જીવન જીવતા હતા. મૃત્યુ સમયે સરદારનું બેન્ક બેલેન્સ રૂ. ત્રણસો પણ ન હતું. રહેવા માટે પોતાનું મકાન પણ નહોતું. જ્યારે સમાજવાદના હિમાયતી નહેરુ શ્રીમંત રાજકુમાર જેવું જીવન જીવતા હતા.

સને ૧૯૩૦થી નહેરુએ પોતાને ગાંધીયુગના યુવરાજ (રાજકીય વારસ) માની લીધા હશે એવું લાગે છે. લોકોના મનમાં નહેરુનું ચિત્ર કોઈ પરીકથાના રાજકુમાર જેવું હતું. જવાહરનું આ સ્થાન વર્તમાનપત્રોએ અને પ્રજાએ પણ જાણે સ્વીકારી લીધું હતું. જવાહરલાલને મોડેથી ગાંધીજીએ પોતાના રાજકીય વારસ જાહેર કર્યા

હતા.

ઈતિહાસની એરણ પર જવાહરલાલ નહેરુ વિશે ગાંધીજીનું વડાપ્રધાન અંગેનું મૂલ્યાંકન ખોટું સાબિત થયું. અને ભારતને એમની આ ભૂલની ભારે કિંમત ચૂકવવી પડી છે. ભારતની જનતા દેશ પર આપત્તિ આવે છે ત્યારે આજે ગાંધીજી કે નહેરુજીને નહીં પરંતુ સરદારને યાદ કરે છે. બધી હતાશા, નિરાશા, મુશ્કેલીઓ અને આફતો વચ્ચે જનસામાન્યની આંખો સરદારની ખુમારીને ખોળતી રહે છે.

નહેરુ કુટુંબના મૂળિયા કાશ્મીરમાં. ત્યાંના પ્રકૃતિ સૌંદર્યના નહેરુ અનહદ પ્રેમી, વળી ત્યાંના લોકપ્રિય મુસ્લિમ નેતા શેખ અબ્દુલ્લા નહેરુના ખાસ મિત્ર. આથી નહેરુને કાશ્મીર પ્રત્યે ખૂબ જ લગાવ. ગાંધીજીને ઈચ્છા પણ ખરી કે કાશ્મીર ભારત સાથે જોડાય પણ નહેરુના આકર્ષણ અને ગાંધીજીની આશા કરતા સરદારનો વાસ્તવવાદ જુદો હતો. કાશ્મીરનો ૨/૩ ભાગ ભારતમાં છે. તે પણ સરદારની સરદારીને આભારી છે. વિચક્ષણ અને કાર્યદક્ષ સરદારે ચાણક્યનીતિ જેવી ચતુરાઈ અને કુનેહથી જૂનાગઢના નવાબને ભગાડ્યા. હૈદરાબાદના નિઝામને નમાવવામાં પણ સરદારની સરદારી દીપી ઊઠી. અખંડ ભારતના નિર્માણમાં જરૂર પડ્યે શ્રીકૃષ્ણની રાજનીતિ પ્રમાણે શામ-દામ-દંડ અને ભેદનો ઉપયોગ કરવામાં પણ સરદારની સંતને શોભે તેવી શૈલી હતી.

આઝાદી પહેલાના ગાંધીજીના સૈનિક આઝાદી પછી નહેરુના સૈનિક બન્યા. સત્તા પ્રત્યેની અનાશક્તિ ગાંધીને સરદારમાં સમાન હતી. ૪૧ વર્ષનું નિષ્કલંક વૈધવ્ય સરદારને ગાંધીની કક્ષામાં મૂકી દે છે. ગાંધીજી સત્યના ઉપાસક (મેન ઑફ ટ્રુથ) સરદાર સફળતાના સ્વામી (મેન ઑફ સક્સેસ) નહેરુ શાંતિના ઉપાસક (મેન ઑફ પીસ) હતા.

કુદરત પણ સરદાર પર ચારે હાથે વરસી. ગાંધીજીના અવસાન સમયે દેશના ભાગલા પડી ચૂક્યા હતા અને એના સ્વપ્નનું ભારત રોળાઈ ગયું હતું. નહેરુ મૃત્યુ પહેલા ભાંગી ગયા હતા. કેમ કે તેમનું સ્વપ્ન ચીનના આક્રમણે છિન્ન ભિન્ન કરી નાખ્યું હતું. સરદાર મૃત્યુ સમયે વધુ ભાગ્યશાળી હતા. તેમણે હાથમાં લીધેલું બધું જ કાર્ય પાર પાડ્યું. કર્મ એજ એમની મહત્વકાંક્ષા હતી. તેમના માટે મૃત્યુ પણ વરદાન બની ગયું.

આ લખનારને જણાય છે કે ગાંધીજી મહાત્મા હતા. વલ્લભભાઈ સરદાર હતા અને જવાહર જવાહિર હતા. ત્રણેય પોતપોતાના સ્થાને સાચા અને એકબીજાના પૂરક હતા. સરદારની ગહેરાઈને નહેરુની ઊંચાઈ વચ્ચે ગાંધી સેતુ હતા.

સ્વરાજ્ય ઘટના સંદર્ભમાં એટલું તો કહી શકાય કે આ ત્રિમૂર્તિ ઈતિહાસમાં અનેરું સ્થાન પામશે. ગાંધી દ્વારા સ્વરાજ્ય ઘટનાનું 'સત્યમ્' પ્રગટ્યું. સરદાર દ્વારા 'શિવમ્'ની રખવાળી થઈ અને નહેરુ 'સુન્દરમ્'ના સંકેત બની રહ્યા.

Gandhi was a man of truth, Sardar was a man of success and Nehru was a man of peace.

- Dr. Gunvant Shah

# ગુજરાતી ભાષાના પનોતા પુત્ર ફાધર વાલેસ

- રક્ષા શુક્લ

ફાધર વાલેસ એ ગુજરાતના પનોતા પુત્ર હતા. સ્પેનના વતની હોવા છતાંય પચાસ વર્ષથી વધુ સમય ભારતમાં રહી તેમણે ગુજરાતને વહાલું. ગુજરાતી ભાષા તેમના રગેરગમાં વ્યાપી હતી, તેવા ફાધર વાલેસની પ્રેરણાદાયી વાતો અહીં રજૂ કરી છે. અમને આશા છે કે વાચકોને તે જરૂર ગમશે.

**- તંત્રીઓ**

ગુજરાતીઓને પણ શરમાવે એવી આગવી સરળ, પ્રવાહી અને શુદ્ધ ગુજરાતી ભાષામાં ૨૫થી પણ વધુ પુસ્તકો અને ૭૦ થી વધુ પુસ્તકો અંગ્રેજીમાં લખનાર ફાધર વાલેસ કાકાસાહેબ કાલેલકરની જેમ 'સવાઈ ગુજરાતી' બનીને એક સિદ્ધ હસ્ત લેખક તરીકે પંકાઈ ગયા છે. ફાધર વિશે કાકાસાહેબની પ્રસન્નતામાંથી જે ઉદ્‌ગાર ફૂટ્યા એ અતિ યોગ્ય છે કે 'હું તો મરાઠી છું. ગુજરાતી મારી ભગિની ભાષા છે. આ માણસ યુરોપિયન છે ને ગુજરાતી પર આટલી પકડ ધરાવે છે એ મોટી વાત છે.' ગણિત અને ગુજરાતી આ બંનેને સામાન્ય રીતે કોઈ મેળ ખાતો નથી. જે વિદ્યાથીઓ ગણિતમાં માહિર હોય છે તેમનું ગુજરાતી સારું નથી હોતું અને આનાથી ઉલટું પણ છે. ફાધર વાલેસે તો આ બંને પર પોતાનું પ્રભુત્વ સિદ્ધ કર્યું છે. વાલેસ કાર્લોસ જોસેફ એટલે કે ફાધર વાલેસ ૧૯૬૦થી ૧૯૮૨ સુધી સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ગણિતશાસ્ત્રના અધ્યાપક રહ્યા.

આપણો દેશ સદગુણીઓનો પૂજક છે. તે એ.પી.જે. અબ્દુલ કલામ જેવા મુસ્લિમ હોય કે ફાધર વાલેસ જેવા ખ્રિસ્તી. ફાધર વાલેસે એમની જિંદગીનાં પ્રથમ ૨૪ વર્ષ એમના જન્મના વતન સ્પેનમાં અને એ પછીનાં ૫૦ વર્ષ ભારતમાં અને એ પણ મહત્તમ અમદાવાદમાં ગાળ્યાં હતાં. દસ વર્ષ સુધી અમદાવાદની પોળોમાં વિહારયાત્રા કરી, 'રખડતા મહેમાન' તરીકે રહ્યા અને બધા સાથે ભળી ગયા. એ રીતે એમના વિદ્યાર્થીઓ અને પરિવારો સાથે કેળવેલ આત્મીયતાને લોકો હજુ યાદ કરે છે. સ્પેન જતી વખતે ફાધરે ઉમાશંકર જોશીને કહ્યું કે 'એબ્રોડ જાઉં છું.' ત્યારે કવિએ ધ્યાન દોર્યું કે 'તમે તો તમારા વતન જાઓ છો. તમે સ્વદેશને જ પરદેશ કહી દીધું.'

ફાધર વાલેસને ફેવરીટ વ્હાલેશ કહેવાનું મન થાય છે. એમને પહેલીવાર જ મળીએ 'ને એમનું નેહભર્યું વ્યક્તિત્વ, હૃદયની ઋજુતા અને ભીનાશ આપણને સ્પર્શ્યા વિના ન રહે. ગુજરાત અને ગુજરાતી ભાષા ફાધર વાલેસની રગેરગમાં વહેતા. ગયા જન્મના ભારતીય, 'સાચા વૈષ્ણવ' અને 'એન-ઇન્ડિયન-એન્ડ-એ-હાફ' જેવાં અનેક વિશેષણો જેમના માટે કિશનસિંહ ચાવડા, કરસનદાસ માણેક અને ઉમાશંકર જોશી જેવા મહાનુભાવો પ્રયોજી

ચૂક્યા છે એવા ફાધર વાલેસ ફક્ત ગુજરાતમાં જ નહીં પરંતુ દેશ-વિદેશમાં જ્યાં જ્યાં ગુજરાતી સાહિત્ય વંચાતું હશે એ દરેક જગ્યાએ એક સન્માનીય અને પ્રિય લેખક તરીકે અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા ગણનારા સવાયા ગુજરાતી ફાધર વાલેસે ગુજરાતી સાહિત્યને અનેક પુસ્તકો અને લેખો દ્વારા સમૃદ્ધ કર્યું છે. તેઓ કહેતા કે 'આ ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંક જો જોવા મળે તો તમે એક નવી શોધ કરી છે એમ માનજો.' સરળ ગદ્યમાં અનોખી અભિવ્યક્તિઓ એમના લખાણની વિશેષતા છે. ફાધર પોતાને ભારતીય ગણાવવામાં ગૌરવ અનુભવતા અને ગુજરાતી ગણવામાં અતિગૌરવ સમજતા હતા.

ફાધરની 'ગુજરાત સમાચાર'માં આવતી 'નવી પેઢીને' કોલમ ખૂબ લોકપ્રિય બની હતી. એમાંથી અનેક લોકોએ પ્રેરણા લઈ જીવનની શરૂઆત કરી હતી. એમણે ગુજરાતીના ઉચ્ચ કોટીના સાહિત્યકાર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. ફાધર વાલેસે જીવન ઘડતરના ધ્યેયથી 'ભાષા જાય ત્યાં સંસ્કૃતિ જાય', 'સદાચાર' (૧૯૬૦), 'તરુણાશ્રમ' (૧૯૬૫), 'ગાંધીજી અને નવી પેઢીને' (૧૯૭૧) વગેરે સંખ્યાબંધ નિબંધસંગ્રહો આપ્યાં છે. ઉપરાંત એમણે ભાષાના વ્યવહારમાં શબ્દોના વિનિયોગ વિશે ચિંતન કરતો ગ્રંથ 'શબ્દલોક' (૧૯૮૭) પણ આપ્યો છે. 'આત્મકથાના ટૂકડા' (૧૯૭૯)માં એમના જીવનની રસપ્રદ વિગતો છે. તેમને મળેલા સન્માનમાં કુમારચંદ્રક (૧૯૬૬) અને રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૮) નોંધપાત્ર છે. સુદર્શન આયંગરે એકવાર કહ્યું હતું કે, 'નવી પેઢી સુધી ફાધર વાલેસનો શબ્દદેહ પહોંચે એ જ તેમનું સૌથી મોટું સન્માન છે.' ફાધર યુવાનોના હૃદય સુધી પહોંચીને, તેમની લાગણીને સ્પર્શીને બોધ આપે છે.' જો કે ફાધર એવું પણ કહેતા કે, 'આજના યુવાનો પાસે આશાઓ ઘણી છે પણ યુવાનોની તૈયારી પૂરતી જણાતી નથી.'

ગણિતના પ્રાધ્યાપક એવા ફાધર કહેતા કે 'ગણિત આપણને ચોકસાઈ, પ્રામાણિકતા અને ઉત્સાહ પ્રેરે છે.' 'ગમ્મત સાથે ગણિત શીખો' જેવા પુસ્તકોથી આજે માર્કેટ ઉભરાય છે. પરંતુ વર્ષો પહેલાં જ્યારે ગણિત જેવો અઘરો વિષય ફાધર વાલેસ શીખવતા ત્યારે ગણિત જેવો વિષય ખરા અર્થમાં ગમ્મત બની વિદ્યાર્થીઓને હળવાફૂલ કરી દેતો. ફાધરે ગણિત જેવા બુદ્ધિના વિષયમાં હૃદયની લાગણી સાંકળી લીધી હતી. ગણિત જેવા વિષયમાં ભાષા સાથે ફાધર કેવી રીતે કામ પાડતા હતા તેનું એક અદ્ભુત ઉદાહરણ વાંચેલું યાદ આવે છે કે, 'જ્યારે ગણિતની પરિભાષામાં 'વન ટુ વન' અને 'વન ટુ મેની' એવા બે અંગ્રેજી શબ્દપ્રયોગ આવ્યા, ત્યારે ફાધરે 'વન ટુ વન' માટે 'સતીસંબંધ' અને 'વન ટુ મેની' માટે 'દ્રૌપદીસંબંધ' જેવા શબ્દો સૂચવ્યા હતા. ફાધર વાલેસ કહેતા કે, 'જેમને પ્રથમ શીખવામાં અને પછી શીખવવામાં આનંદ મળે એ જ ખરો આદર્શ શિક્ષક!' સિલેબસના એક જ માળખામાં વર્ષોથી ગોખેલી કવિતા ભણાવી ભણાવીને શિક્ષક વિદ્યાર્થીઓની ચેતનાને મારી નાખે છે. એક આદર્શ શિક્ષક જેવા ફાધર વાલેસ કહેતા કે,'હું દર વર્ષે નવી નોટ્સ બનાવીશ. કોર્સ ભલે ન બદલાય, દર વર્ષે નવી નોટ્સ લખવાથી શક્ય છે કે કૈંક નવું મળી આવે.' ફાધર વાલેસ

માનતા કે શિક્ષક તો શ્રદ્ધા અને આનંદની મૂર્તિ છે.

ફાધર કહેતા કે 'ચાલશે' એ ગુજરાતી ભાષાનો કેટલો ભયંકર શબ્દ છે, એ વિષયે એમનો એક પાઠ ભણાવ્યા પછી પિરિયડના નિયત સમય કરતાં એકાદ મિનિટ મોડું થઈ ગયું, એટલે પિરીયડ પૂરો થયે લેવાની હાજરીનું રજિસ્ટર ખોલીને બંધ કરતાં ફાધરે કહ્યું, 'ચાલશે.' પછી શું થયું હશે તે કલ્પી શકાય છે. ચિંતનગ્રંથ 'શબ્દલોક'માં તેઓ કહે છે કે બોલતા પહેલાં સહેજ પણ ન વિચારતો માણસ શબ્દની શક્તિ કે કાતિલ અસર વિશે જાણતો હોવા છતાં બોલતી વખતે બેતમા હોય છે. ફાધર વાલેસ માટે ભાષા અને શબ્દોનું અત્યંત મૂલ્ય છે. તેઓ કહે છે કે 'શબ્દો ઘાતક છે. શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે.'

લગ્ન વિશેના સુંદર પુસ્તક 'લગ્નસાગર'માં ફાધર વાલેસ ખૂબ ઉત્તમ અને અગત્યની વાત કહે છે કે, 'સામાન્ય લગ્નને અસામાન્યમાં ફેરવી દેવા માટે એક કીમિયો છે - પ્રેમ.' પ્રેમ સાચો હશે, ઊંડો હશે, અસાધારણ હશે, તો લગ્ન અસાધારણ બનશે. અને પ્રેમ એ હૃદયની વસ્તુ છે. રૂપ, રંગ, પૈસા, નોકરીની નહીં. માટે પ્રેમને જાગવા દો. પાત્ર સારું છે, મજાનું છે, એની સામે જુઓ, એને પ્રેમથી આવકારો. અને પ્રેમ બતાવવાથી પ્રેમ વધે એ ગણિતના પ્રમેય જેવું સત્ય છે. માટે વધવા દો. અનુભવ કરો. અને સાચો પ્રેમ જાગશે ત્યારે જોશો કે એ જ પાત્ર તમને અસાધારણ લાગે છે, બેનમૂન લાગે છે. છોકરો સામાન્ય છે. છોકરી સામાન્ય છે. પરંતુ પ્રેમ અસામાન્ય છે.

સપ્ટેમ્બર ૨૦૦૯માં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ફાધર વાલેસના નવા અંગ્રેજી પુસ્તક 'ટુ કન્ટ્રીઝ, વન લાઈફ'નું નારાયણભાઈ દેસાઈના હાથે વિમોચન થયું હતું. ફાધર વિશે જ્યારે નારાયણભાઈ દેસાઈએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું ત્યારે એમણે ફાધરને 'વિશ્વ નાગરિક' અથવા ઉપનિષદના શબ્દ પ્રમાણે 'વિશ્વમાનુષ' ગણાવ્યા અને 'ટુ કન્ટ્રીઝ, વન લાઈફ' પુસ્તકને શાંતિસેનાની ટેક્સ્ટ બુક જેવું ગણાવ્યું. ફાધરની ભાષા 'સત્યના અનુભવોમાંથી ઉત્પન્ન થયેલી પ્રેમની ભાષા છે' અને 'એમની સરળ ભાષા અનુભૂત સત્યને કારણે સરળ બની છે' એવું પણ એમણે ઉમેર્યું હતું. ફરી ૧૮ નવેમ્બર, ૨૦૧૧માં ફાધર એમના બીજા અંગ્રેજી પુસ્તક 'નાઈન નાઈટ્સ ઈન ઈન્ડિયા'ના લોકાર્પણ પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે અમદાવાદ આવ્યા હતા. આ પ્રસંગે એમણે કહેલું, 'લોકોનો ઉમંગ જોઈને એવું લાગે છે કે હું જાણે સ્પેન ગયો જ નહોતો, અહીં જ હતો.'

ફાધર વાલેસની માતૃભક્તિ અનન્ય હતી. એમણે લખ્યું છે કે 'મારી જિંદગીના ૫૦ વર્ષ હું ભારતમાં રહ્યો. મને ત્યાં એટલું ગમી ગયેલું કે હું પાછો સ્પેન આવવા માગતો ન હતો. પરંતુ મારા માતા જ્યારે ૯૯ વર્ષનાં અહીં (સ્પેનમાં) એકલાં પડ્યાં એટલે એમણે મને સ્પેન પાછા આવી જવા જણાવ્યું. આમ એક માતા (ગુજરાતી)ને છોડી બીજી માતાને મળવા આવ્યો પણ મનથી ગુજરાતી કદી અલગ થઈ નથી. મારી માતાની ઈચ્છાને માન આપી હું સ્પેન આવી ગયો અને એમની સેવામાં લાગી ગયો. મારી જિંદગીનો સૌથો મોટો સંતોષ એ

છે કે મારી માતાની માંદગી દરમિયાન એમની સેવા ચાકરી કરવાની તક મને પ્રાપ્ત થઈ અને ગુજરાતી માની સેવા કરી શક્યો.''

તેમના કહેવા પ્રમાણે - ''જિંદગીમાં સતત પ્રવૃત્ત રહેલા માણસ માટે નિવૃત્તિ જેવો કોઈ શબ્દ જ અસ્તિત્વ ધરાવતો નથી. પોતાની નોકરીમાંથી નિવૃત્તિ પછીનો સમય જ્ઞાનપિપાસુ માટે તો એક સુવર્ણકાળ છે.' માતૃભૂમિ સ્પેન ફાધર પરત ગયા ત્યારે એમની ઉંમર ૭૫ વર્ષની હતી અને ઉત્સુકતાથી છલછલ વિદ્યાર્થીને જેમ કમ્પ્યૂટર શીખવાના તેમણે ક્લાસ શરૂ કર્યા. થોડા વખતમાં પોતે ઉપયોગ કરતા હતા એ જૂના ટાઈપ રાઈટરને વિદાય આપી અને નવું કમ્પ્યૂટર ખરીદ્યું. ત્યારબાદ એમણે ઈન્ટરનેટ વેબ સાઈટનો કોર્સ પૂરો કર્યો. આધુનિક ટેક્નોલોજીથી માહિર થયા પછી એમના માટે અવનવા જ્ઞાનની વધુ દિશાઓ ખુલ્લી થઈ ગઈ. તેઓ ૧૯૯૯થી એમની પોતાની વેબ સાઈટ પણ શરૂ કરેલી જેમાં દર મહિનાની ૧લી અને ૧૫મી તારીખે તેઓ સ્પેનિશ અને અંગ્રેજી ભાષામાં ચિંતનાત્મક લેખોથી લાખો લોકોના જીવનમાં નવો ઉન્મેશ અને નવી તાજગી આપી રહ્યા હતા. એમના નિવૃત્તિકાળમાં ફાધર વાલેસ એક યુવાનની માફક દિલ અને દિમાગ સાબુત રાખીને જે રીતે એમની અપ્રતિમ કાર્યનિષ્ઠા અને ધ્યેયનિષ્ઠાનાં પાઠ આપણને શીખવ્યા એ ભાવકને પણ નવી ઊર્જા ધગશથી ભરી દે છે. આઠ દાયકા બાદ પણ એમની કલમ વણથંભી ચાલી... ગુજરાતી ભાષાના પનોતા પુત્ર ફાધર વાલેસને ગુજરાતી સાહિત્ય કાયમી યાદ રાખશે.

ઈતિ...

જે ખુશ છે તે બીજાને પણ ખુશ કરશે.

- એની ફ્રેન્ક

(ગુજરાત સમાચારમાંથી સાભાર)

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ)

સાચા જીવનની કલા આવા પવિત્ર, નિખાલસ હૃદયના સાચા પ્રેમવાળા ગુરુની નિશ્રામાંથી જ પ્રાપ્ત થાય છે.

એટલે સંત કબીરે કહ્યું છે,

ગુરુ કુમ્હાર સિસ કુંભ હૈ, ગઢી ગઢી કાઢે ખોટ
અંતર બાહર સહારા દૈ બાહિર બાહિર ચોટ,

કુંભાર ઘડાને બહારથી ટપલો મારે છે પણ તે પહેલાં અંદર હાથનો સહારો આપે છે અને જે કંઈ ખોડ રહી જાય તેને દૂર કરે છે. ગુરુનું પણ શિષ્ય માટે આવું જ કામ હોય છે. ગુરુના ટપલામાં અંદરથી પ્રેમભર્યો સહારો હોય છે, શુભ નિષ્ઠા ભરેલી હોય છે. આગળ એમ પણ ગુરુ વિશે કહ્યું કે,

સાત સમંદર મસી કરું લેખિની સબ બનરાઈ
ધરતી કો કાગજ કરું ગુરુ ગુન લિખા ન જાય,

એટલે જ કહે છે કે - ''ગુરુ બીન જ્ઞાન ન ઉપજૈ, ગુરુબીન મિટે ન ભેદ ગુરુબીન ટળે ન સંશયે, પઢો ચારે વેદ'' આજના યુગમાં ગુરુ ગુમ થઈ ગયો અને શિક્ષક બની ગયો. જ્યારે શિક્ષક ગુરુ બનવાનો પુરુષાર્થ કરશે ત્યારે જ જ્ઞાની ગુરુ પ્રાપ્ત થશે. આજે માહિતીવાળા શિક્ષકની જરૂર નથી પણ અનુભવ થકી જ્ઞાન આપનાર ગુરૂની જરૂર પડી છે તેની આજે ખોટ પડી રહી છે.

# ઊડતા યુવા - યુવાવસ્થામાં વ્યસનનું દૂષણ

- દર્શક કે. પરમાર

કિશોરાવસ્થા એ સંક્રમણાત્મક તબક્કો છે. જે સામાન્ય રીતે તરુણાવસ્થાથી પુખ્તવય સુધીના સમયગાળા દરમિયાન થાય છે. તે યોગ્યતા, સ્વતંત્રતા, સ્વાભિમાન અને સંબંધોમાં વૃદ્ધિની તક આપે છે. પરંતુ તેની સાથે સાથે સંકળાયેલા મોટા જોખમો પણ છે. માદક દ્રવ્યોનો દુરુપયોગ એ ભયજનક જોખમોમાંનું એક છે. યુવાનોમાં વ્યસનની સમસ્યા દિવસે દિવસે વધી રહી છે. અમુક પ્રદેશોમાં આ સમસ્યા ગંભીર બનતી જણાય છે જેના કારણે યુવાનો વ્યસનોના ગુલામ બની જાય છે અને તેમનું, સમાજનું તેમજ દેશનું ભવિષ્ય જોખમમાં મૂકે છે. વ્યસનની જટિલ સમસ્યા રજૂ કરતું, 'ઊડતા પંજાબ' નામનું મુવી પણ આવ્યું હતું. યુવાનો એ આ દેશની મહામૂલી મૂડી છે. તરવરિયા, ખડતલ અને સાહસિક યુવાનો હંમેશાં દેશને દીપાવવાનું ઉમદા કાર્ય કરી શકે. માનસિક સમસ્યાઓ જેમ કે ડિપ્રેશન, વિકાસશીલ ક્ષતિઓ, ઉદાસીનતા, અન્ય મનોસામાજિક તકલીફો એ વારંવાર કિશોરોમાં માદક દ્રવ્યોના દુરુપયોગ સાથે સંકળાયેલી હોય છે. ડ્રગના ઉપયોગથી શરીરને થતા લાંબા ગાળાના નુકસાન ઉપરાંત, સોયનો ઉપયોગ કરનારાઓને એચઆઈવી અને હેપેટાઈટિસ-બી અને સી થવાનું જોખમ રહેલું છે. આજે આપણે જ્યાં ને ત્યાં સાંભળીએ છીએ કે, યુવાપેઢી માદક-કેફી દ્રવ્યોની લતે ચઢીને પોતાની યુવાની ખત્મ કરી રહી છે. સ્કૂલો, કૉલેજો નજદીક કેફી પદાર્થો વેચતાં અસામાજિક તત્ત્વોના અડ્ડાઓ ચાલે છે અને પોતાનાં મા-બાપોથી દૂર હોસ્ટેલોમાં રહેતાં યુવાનો-યુવતીઓને ભોળવીને હળવે હળવે આ દ્રવ્યોના વ્યસની બનાવી દે છે. ઘડી-બે ઘડી માટે દીવાસ્વપ્નોમાં ખોવાઈ જતાં યુવાનો-યુવતીઓ ધીરે ધીરે શારીરિક અને માનસિક શક્તિઓ ખોઈ બેસે છે, અને ખોખલો માંયકાંગલો યુવાવર્ગ સમાજ સમક્ષ ઊભો થતો જાય છે. આપણા દેશમાં ડ્રગ્સના સેવનને કારણે દર વર્ષે સેંકડો વ્યક્તિઓ કમોતે મરે છે તો સેંકડો વ્યક્તિઓ આત્મહત્યા પણ કરે છે. આ આંકડાઓ તો પોલીસ દ્વારા જાહેર થયા હોય એ છે. એ સિવાય આત્મહત્યાની ઘણી બધી ઘટનાઓ અને ડ્રગ્સને કારણે ઘણી વ્યક્તિઓ કમોતે મરે એવી ઘણી ઘટનાઓ પોલીસ સુધી પહોંચતી પણ નથી હોતી અને કોઈ ઘટના ખૂબ ગાજે ત્યારે દેશના અખબારોમાં એની નોંધ લેવાતી હોય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેક્ષણ પ્રમાણે દરેક ૧૦ મિનિટમાં એક યુવાન કોઈપણ પ્રકારના વ્યસનને વળગે છે. દર ૧૦માંથી ૪ યુવાન કોઈ પ્રકારના વ્યસની પદાર્થનું સેવન કરે છે, જેમાંથી ૩ યુવાનો વ્યસની બની જાય છે. દુનિયાભરમાંથી ૧૦૦માંથી ૧૮ મોત વ્યસન

અથવા તો એના કારણે થતી કોઈ બીમારીના કારણે થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત દેશ એકલામાં ૧૮ વર્ષની વયથી નીચેના ૩૦-૪૦ ટકા યુવાનો વ્યસનના વંટોળમાં ફસાઈ ચૂક્યા હશે, જેમાં ૨૫ થી ૩૦ ટકા આ વ્યસની જૂથનો ભાગ છોકરીઓ પણ હશે. રાષ્ટ્રીય સર્વે અનુસાર, ગુજરાતમાં વર્ષ-૨૦૧૮ના આંકડા મુજબ, ૧૭ લાખથી વધુ પુરુષો ડ્રગ્સના બંધાણી છે જ્યારે ૧.૮૫ લાખ મહિલાઓ પણ ડ્રગ્સની લતે ચડી છે. આ પરથી સાબિત થાય છે કે, ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફૂલ્યો ફાલ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના આંકડાઓ પ્રમાણે ૨૦૨૨ના વર્ષમાં આપણા દેશમાં ડ્રગ્સના ઓવરડોઝને કારણે ૬૮૧ વ્યક્તિનાં જીવનનો અકાળે અંત આવી ગયો હતો. ડ્રગ્સના ઓવરડોઝને કારણે થતા મોતમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે આવી ગયું છે. સરકારે, સમાજે સવેળા જાગૃત બનીને આ દૂષણને જડમૂળથી ઉખેડી નાખીને આપણી યુવા પેઢીને વિનાશના માર્ગેથી પાછી વાળવી પડશે. સાથોસાથ લોકોને આવા ઈન્ટરવ્યુ દ્વારા, વ્યાખ્યાનો દ્વારા, વ્યસનોની ભયાનકતાનો ખ્યાલ આપવાનો સરકારે, શૈક્ષણિક સંસ્થાઓએ, સમાજે તથા જાગૃત નાગરિકોએ પ્રયાસ કરવો પડશે. નશાબંધી સપ્તાહ, વ્યસનમુક્તિ સપ્તાહ ઉજવાય, એ તો સારી વાત છે પરંતુ આ પ્રાસંગિક કામ નથી, સતત કરવું જોઈતું લોકહિતકારી કામ છે.

**વ્યસન કોને કહેવામાં આવે છે?**

વ્યસન અને ટેવ બંને અલગ છે. જે ક્રિયા અથવા પદાર્થ બંધ કરવામાં આવે અને શરીર પર કે મન પર સામાન્ય અસર સિવાય તકલીફ ન થાય તેને ટેવ કહેવામાં આવે છે. પરંતુ જે પદાર્થ વ્યક્તિ દરરોજ લેતી હોય અને બીજી વાર ન લેવામાં આવે ત્યારે તેને શારીરિક અને માનસિક તકલીફ ઊભી થાય છે, આથી જે તે વ્યક્તિએ ફરીથી આ તકલીફો દૂર કરવા તે પદાર્થ લેવો પડે છે અને જો ન લે તો તેણે આઈકિયાટ્રિસ્ટ (માનસિક રોગોના નિષ્ણાત) પાસે સારવાર ફરજિયાત લેવી પડે છે. તેને વ્યસન કહેવામાં આવે છે.

**યુવાન સામાન્ય રીતે કયા પદાર્થોનું વ્યસન તરીકે સેવન કરે છે?**

યુવાનો દ્વારા સૌથી વધુ ઉપયોગમાં લેવાતા વ્યસન પદાર્થોમાં દારૂ, તમાકુ, ગાંજો અને અફીણ ઉપરાંત ચરસ, મેન્ડ્રેક્સની ગોળીઓ, બ્રાઉન સુગર, હેરોઈન, બારલીચ્યુરેટસ, બેન્જોડાયા જોયિન્સ, એમ્ફીટા-માઈન નામની ગોળીઓ, મારીજુઆના, કોકેઈન, એલ.એસ.ડી. અને તેની બનાવટો મુખ્ય છે.

**વ્યસનો થવાનાં કારણો સામાન્ય રીતે કયાં કયાં હોય છે?**

વ્યસન (એડિક્શન) થવાનાં ઘણાં કારણો છે. હાલની પ્રવર્તમાન સ્થિતિમાં દરેક મનુષ્ય સમયનો અભાવ મહેસૂસ કરે છે, વધુ પડતી જવાબદારીઓ હોય છે, અને જુદા જુદા રોગોથી પીડાય છે. વ્યસનો ઘણી જાતનાં છે. તેમાં દરેક વ્યસનને ધ્યાનમાં લઈને નહીં, પરંતુ બધાં વ્યસનોને ધ્યાનમાં રાખી કયાં કારણોસર માણસ વ્યસન તરફ ધકેલાઈ જાય છે તે આપણે જોવા પ્રયત્ન કરીએ. અમુક વ્યસનનાં કારણો, બીજા વ્યસન જોડે સુસંગત ન પણ થતાં હોય તેથી

આપણે સામાન્ય વચલો રસ્તો કાઢીએ છીએ. વધુ પડતી મહત્ત્વાકાંક્ષાઓ કે જે પૂરી ન થઈ અને તેનાથી મનુષ્ય હતાશા અનુભવે અને બીજા માણસો કે જે વધુ સફળ થયા હોય તેમની સરખામણી કરે ત્યારે વ્યક્તિ વ્યસન તરફ જવા પ્રયત્ન કરે છે.

જિજ્ઞાસાને હિસાબે કૉલેજ, ધંધા, નોકરી વગેરે મિત્રવર્તુળમાં વ્યક્તિ વ્યસનવાળા પદાર્થની અનુભૂતિ કરવા માટે શરૂઆતમાં થોડી આનાકાની કરી અને પદાર્થનું સેવન કરે છે. શરૂઆતમાં તેને થોડી શારીરિક અને માનસિક તકલીફ પડે છે. પરંતુ થોડા સમય પછી તે પદાર્થ ન મળે એટલે બહુ જ શારીરિક અને માનસિક રીતે પીડાવા માંડે છે અને વ્યસની બને છે. વ્યક્તિના પોતાનામાં જ ઊણપ હોય છે. જેથી તે તેના મિત્રવર્તુળ, ધંધાની પ્રવૃત્તિમાં સ્થિર થઈ શકતો નથી. તે પોતે હતાશા, નિરાશા અને ઘણી વખતે માનસિક રોગી પણ બની જાય છે.

વ્યસન વધવાના કારણોમાં થોડા ઘણા અંશે અપર મીડલ ક્લાસ અને અપર ક્લાસના યુવાનોના માતા-પિતા પણ જવાબદાર હોય છે. આ વર્ગના માતા-પિતા તેમના સંતાનોને જરૂરિયાત કરતા વધારે સગવડો અને પોકેટમની આપે છે, જેનો ઉપયોગ આ વર્ગના યુવાનો વ્યસનોમાં જાણે અજાણે કરતા થઈ જાય છે. માટે આ વર્ગના માતા-પિતાએ સંતાનોને જરૂર કરતાં વધારે સગવડ અને રૂપિયા ન આપવા જોઈએ તેવું મારું સ્પષ્ટ માનવું છે.

આપણા દેશમાં વિવિધ પ્રકારની સંસ્કૃતિ, લોકો અને રીતરિવાજો છે. અમુક જ્ઞાતિ કે રીતરિવાજને હિસાબે વ્યસની પદાર્થ લેવો ફરજિયાત બની જાય છે. અને માણસ વ્યસન તરફ ધકેલાઈ જાય છે. બીજાં ઘણાં કારણો છે. પરંતુ ટૂંકમાં જણાવું તો, જેમને વ્યસન માટે જરૂરી સાધનો, પદાર્થો વગેરે મળી રહેતાં હોય તેવા લોકો જલ્દીથી વ્યસન તરફ ધકેલાય છે.

યુવાનો દરેક દેશમાં કરોડરજ્જુ સમાન છે. જો જે તે દેશની કરોડરજ્જુ ભાંગી જશે તો તે દેશ ખતમ થઈ જશે તેના દાખલાઓ ઈતિહાસમાં મોજૂદ છે. ડ્રગ્સનો ઉપયોગ અને વ્યસન અટકાવી શકાય તેવું છે. પરિવારો, શાળાઓ, સમાજ, મીડિયાઓ અને સરકારે સાથે મળી જાગૃતિ માટે કાર્યક્રમ કરવાથી આ રાક્ષસી દૂષણને ડામી શકાય છે. વ્યસન છોડવાને કારણે વિચારવાયુ થાય તો સાઈકિયાટ્રિસ્ટની સારવાર લેવી જોઈએ. અભિનેતા સંજય દત્ત જ્યારે ડ્રગ્સનો વ્યસની થઈ ગયો હતો ત્યારે તેણે પણ અમેરિકામાં સારવાર લીધી હતી. વ્યક્તિ જ્યારે વ્યસનમાંથી બહાર આવે ત્યારે સમાજે તેની નોકરી, ધંધા વગેરે માટે બનતી કોશિશ કરવી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આલ્કોહોલિક ડ્રગ આશ્રિત વ્યક્તિઓને મદદ કરવા માટે રાષ્ટ્રીય ટોલ ફ્રી હેલ્પલાઇન (૧૮૦૦-૧૧-૦૦૩૧) શરૂ કરી છે.

વ્યાખ્યાતા,
બી.એન્ડ બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી,
વલ્લભ વિદ્યાનગર

# પ્રકાશની કેલીડોસ્કોપ રમણા

- મનસુખ સલ્લા

માણસના સ્વભાવની અળવીતરાઈ એવી કે સહજ પ્રાપ્યની કિંમત ન કરે અને એ દૂર જાય ત્યારે વારંવાર સ્મરણ કરે. સૂર્યપ્રકાશનું કાંઈક આવું જ છે. 'એ તો કાયમનો જોયેલો છે.' એમ ગણીને એની ઉપેક્ષા કરીએ અને પાછા સૂર્યપ્રકાશની ઝંખના પણ કરીએ! વળી પ્રકાશનું હોવું તે દિવસ અને ન હોવું તે રાત એવા સાદા સમીકરણથી સંતોષ પણ માનીએ છીએ!

બાળપણના રમકડા બહુરૂપદર્શક (કેલીડોસ્કોપ)ની જેમ સતત પલટાતાં રૂપોની રમણાની જેમ પ્રકાશનાં વિવિધ રૂપની અદ્‌ભુતતા હૈયે વસી ગઈ છે. શિયાળામાં બાની હૂંફ અને કૂણા તડકામાં કોણ ચડે એની હરિફાઈ થતી. જાણે સૂરજદાદાને પણ ટાઢ વાતી હોય એમ તેઓ ધીમા પગલે પ્રવેશે. પથારીમાંથી બહાર તો આવી જવાય પણ ધાબળામાં શરીર ઢબૂરીને બધી સક્રિયતા કેવળ આંખથી બતાવાતી હોય, હાથ પણ નાછૂટકે જ બહાર કઢાતો હોય ત્યારે તડકો બહુ મીઠો લાગે. એને દાદાજી કહેવો કે ભાઈબંધ એ સમજાય નહિ. પરંતુ એના સ્પર્શે આંગળાં સક્રિય થાય. મનમાં થઈ જાય કે મારે બદલે બાકીનું લેસન તડકો કરી આપે તો કેવું સારું! પણ તડકાને કાંઈ એવી નવરાશ ન હોય. એટલે સુખડીની જેમ તડકાને ચગળતાં ચગળતાં લેસન પૂરું કરીએ.

ગ્રીષ્મ ઋતુમાં આખી પૃથ્વી ઉપર પ્રકાશ પાથરી દીધો હોય એવી અનુભૂતિ થાય. માણસ, પશુ-પંખી, સાધનસામગ્રી સર્વત્ર એની હાજરી અનુભવાય. પંચાગ્નિમાં બેઠેલા યોગી જેવી દશા હોય છે. એની ઉગ્રતાથી લાગે કે પ્રકાશ અહીં સ્થિર થઈ ગયો છે. પ્રકાશ ઘટ્ટ અને સ્પર્શક્ષમ બની જાય છે. પક્ષીઓ વૃક્ષોની ડાળીઓમાં એવી જગ્યાએ મૂંગાં થઈને બેસી જાય જેવા માસ્તરની બીકે નિશાળિયાં. પશુઓ ખોરાક વાગોળવાનું ભૂલીને તડકાને વાગોળતા હોય એમ વચ્ચેવચ્ચે મોઢું હલાવે. માણસો છાંયો, હવા, ઠંડકની ખોજમાં નીકળ્યા હોય એમ જ્યાંથી જે મળે એ ગ્રહણ કરીને સાંજ પાડે. જોકે એની અસરમાંથી ઝટ મુક્ત થવાતું નથી.

આથી જુદો અનુભવ ડાંગના જંગલમાં થયો છે. ગાઢ જંગલમાં રાજાના મહેલના દરવાજે પ્રવેશ માટે પ્રતીક્ષા કરતા યાચક જેવી સૂર્યપ્રકાશની સ્થિતિ હોય છે. અડાબીડ ઘટાટોપ વૃક્ષો વચ્ચે પ્રવેશવું કિરણને સહેલું ન હોય. બધું સ્થિર-સ્તબ્ધ થઈ ગયું હોય. કેવળ સૂકાં પાંદડાં. કચડાવાનો અવાજ સંભળાતો હોય. બપોર પણ સાંજ જેવી ઝાંખપવાળી બની ગઈ હતી. એમાં કાળું રીંછ સૂતેલું હોય તો કળાય એમ નહોતું. એ વખતે એક જગ્યાએ વૃક્ષોની ડાળો એવી રીતે ગોઠવાયેલી હતી કે જાણે કોઈએ એટલો ભાગ આકાશ માટે ખુલ્લો કરી દીધો હોય. એમાંથી પ્રકાશસ્તંભની જેમ પ્રકાશ વરસી રહ્યો હતો.

એમાં તરતાં રજકણોને કારણે પ્રકાશસ્તંભ નક્કર લાગતો હતો. એટલા વિસ્તારમાં બધું પ્રત્યક્ષ થતું હતું. ખરેલાં પાન પર ફરતાં મંકોડા અને જીવડાં પણ દેખાતાં હતાં. અમે બાળપણમાં એને 'પ્રકાશનો શેરડો' એવા રૂપે ઓળખાવતા, તે અહીં સાક્ષાત્ થયો હતો. આખો માહોલ અદ્‌ભુતતાથી ભરાઈ ગયો. એની મોહિની દિવસો સુધી ચિત્તમાં સચવાઈ હતી. આજે પચાસ વર્ષેય એ દૃશ્ય તાજું છે. ચિત્તમાં એણે પોતાનું સ્થાન બનાવી લીધું છે.

હિમાલય તો આશ્ચર્યલોક છે. ક્ષણેક્ષણે નવનવાં આશ્ચર્યો સર્જાતાં રહે છે. ત્યાં કશું પૂર્વાધારિત ન હોય. એક દૃશ્યમાં ખોવાયેલા હો અને બીજું દૃશ્ય હાજર થઈ જાય. પ્રકાશ એટલે અજવાળું એ વ્યાખ્યા હિમાલયમાં અધૂરી પડે. હિમાલયને ખોળે હોઈએ કે માઈલો દૂરથી જોતા હોઈએ, તેના ઉપર પડતો પ્રકાશ નિત્યનવાં રૂપો ધારણ કરતો રહે. સુદૂર પહાડો ઉપર મુગટની જેમ સ્થિર થયેલા બરફની ઉપર પ્રકાશ સ્થિર થાય ત્યારે જાણે શિખરો પર ચાંદી જડી દીધી હોય એવી શુભ્રતા વ્યાપી રહે. નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલ પ્રકાશની આ રમણા હૈયાને એવું આકર્ષે કે આપણે અવશ્યપણે એમાં લીન થઈ જઈએ. એમાં ક્યારે વાદળ આવીને નીલરંગી છાયા મઢી દે તે કહેવાય નહિ.

પરંતુ નજીકના પહાડો પ્રકાશથી ઝળહળી ઊઠે ત્યારે એનો રંગ સુવર્ણ જેવો હોય. સુદૂર રજતમઢ્યાં શિખરો તો અહીં પહાડો સુવર્ણરસે રસાઈ જાય. જાણે ચોમેર સુવર્ણરસ ઝરતો હોય એવું અનુભવાય. વૃક્ષો-ડાળો-પર્ણો એક અખંડ આકાર હોય એવાં ઘન બની જાય. એ અસ્પષ્ટતાનું સૌંદર્ય ચિત્તને એમની વચ્ચે પહોંચી જવા ઉદ્યુક્ત કરે. તો તળેટીના ભાગમાં ધોળા દિવસેય પ્રકાશ પોતાનો રંગ બદલી નાખે. પ્રકાશ શ્યામરંગી બની જાય. ત્યાં ખરેખર કયો રંગ છે એ કળવું અઘરું થાય. પણ પ્રકાશનું બોલકું સુવર્ણરંગી સ્વરૂપ તો ત્યાં ન જ હોય. તળેટીમાં સૌથી વધુ આકર્ષે ધૂસરતા. નામ પાડીને કશુંય તારવવું કે ઓળખાવવું અઘરું થાય. સૂર્યપ્રકાશના પ્રભાવે જ સઘળું પરખાતું હોય, છતાં પ્રકાશ સાથે ચિત્તમાં બેઠેલા અધ્યાસો ત્યાં કામ ન લાગે. એને ન રજતરંગી કહેવાય, ન સુવર્ણરંગી. વળી એ અંધકારમય પણ ન કહેવાય. જાણે કોઈ મહાન ચિત્રકારે દોરેલું છાયાચિત્ર! પ્રત્યક્ષ છતાં અપ્રગટ. સઘળું એવું એકરૂપ હોય કે પૃથક્કરણ અશક્ય લાગે. એક જ સ્થળ-સ્થિતિની હિમાલયમાં ભિન્નભિન્ન ભાવાનુભૂતિ થાય. દરેકનો પ્રભાવ આગવો.

કચ્છમાં એક વાર ઉનાળામાં ખરા બપોરે મુસાફરી કરવાની થઈ હતી. ગામોને બાદ કરતાં નજર પહોંચે ત્યાં સુધી રેતી કે ધૂળ પથરાયેલી હોય. તમામ ઉપર પ્રકાશનું તેજસ્વરૂપ લીંપાવા લાગ્યું હતું. આખા વિસ્તારમાં એક પ્રકારની પજવે એવી નિસ્તબ્ધતા વ્યાપેલી હતી. અમારું વાહન દોડતું હતું. સાથે મૃગજળ પણ દોડતાં હતાં. મૃગજળ સર્જાતાં અને વિલય પામતાં અમને સાથ આપી રહ્યાં હતાં. હજુ કલાકેકની મુસાફરી બાકી હતી. જીપમાં એસી નહોતું. વૃક્ષો એકાકી બાળકો જેવાં નિમાણાં ઊભા હતાં. નજર ક્ષિતિજને ભટકાઈને પાછી પડતી હતી. સોનીએ કુરડીમાં સોનું ઉકાળવા મૂક્યું હોય એમ ચોતરફ પ્રકાશરસ ઉકળી રહ્યો હતો. વિશાળ કુલડીમાં આખો પ્રદેશ

ઓરાઈ ગયો હતો. સોનીની કુલડીમાં તો સુવર્ણમાં રહેલી અશુદ્ધિ બળતી હોય છે, અહીં તો અમે બળતા હતા, વૃક્ષો બળતાં હતાં, ધરતીની ધૂળ બળતી હતી. કહી શકાય કે પૃથ્વી ઉકળી રહી હતી. ભલે ગરમ પણ પવન સ્પર્શી જતો એથી સારું લાગતું હતું. પરસેવાને સ્પર્શી ગરમ પવન ઠંડક પૂરી પાડતો હતો! એથી ગરમ પવન પણ સુખકર લાગતો હતો, આવી મુસાફરી ઓછી વાર કરવાની આવી છે, પરંતુ પ્રકાશની આ તીવ્રતા કદી ભૂલાઈ નથી.

વર્ષો પહેલાં વિદ્યાર્થીઓ સાથે ભરૂચથી ચાંદોદ સુધીનો પગપાળા પ્રવાસ કર્યો હતો. એ અનુભવ આજેય ચિત્તમાં અકબંધ જમા છે. સવારથી સાંજ સુધી નર્મદાસંગે ચાલવાનું થતું. એક વાર વિરામસ્થાન દૂર હતું. બપોર થઈ ગઈ. અને ધ્યાનમાં આવ્યું કે નર્મદાના વિશાળ પટ ઉપર બરફનાં ચોસલાં તરતાં હોય એમ પ્રકાશનાં ચોસલાં તરતાં હતાં. જાણે નર્મદા સ્થિર થઈ ગઈ હતી અને એની ઉપર પ્રકાશનાં ચોસલાં વહી રહ્યાં હતાં! અપૂર્વ દૃશ્ય હતું. પરાવર્તન જળનું હતું કે પ્રકાશનું? આસપાસનાં કાંઠાનાં વૃક્ષોનું પ્રતિબિંબ નર્મદાજળ ઝીલતું હતું કે પ્રકાશનાં ચોસલાં? આકાશ શાનું રહી જાય? આકાશે પણ આ અપૂર્વ મિલનમાં પોતાનું પ્રતિબિંબ મોકલ્યું. આકાશ, વૃક્ષો, કાંઠો અને પ્રકાશથી ચમકી રહેલો પ્રવાહ એક - અખંડ બની ગયાં હતાં. હું વિસ્મયમુગ્ધ થઈ ગયો. મારાથી ઇતર કે પૃથક કશું નહોતું. જાણે એના જ સજીવ અંશરૂપે અસ્તિત્વ હળવુંફૂલ થઈને વિચરતું હતું. આમ, લગભગ માઈલેક ચાલ્યો ત્યાં સુધી ભૂખ, તાપ કે થાક કશુંય સ્પર્શી શક્યું નહોતું. ઘેરી એકાકારતાની સ્થિતિ હતી. વહેતું જળ અને વહેતો પ્રકાશ મારામાં ઘર કરીને બેસી ગયાં હતાં. આવો અનુભવ વિશિષ્ટ ભાવસ્થિતિમાં થતો હશે. ત્યારે લાગે કે મનુષ્ય તરીકે જન્મ્યા એ સફળ થઈ ગયું. હૈયાની આવી મધુર રચના એ ઓછું સદ્ભાગ્ય છે?

પ્રકાશનો મુલાયમ, નૃત્યવેશી, ભેજસિક્ત અનુભવ સમુદ્ર સમીપે થયો છે. મણાર-અલંગ વચ્ચેનો કાંઠો હતો. ઓટ હતી. મોજાં જાણે સંકોચ સાથે ઊઠતાં-શમતાં હતાં. ક્ષિતિજ સુધી જળની લીલા વ્યાપેલી હતી. એ વખતે પ્રકાશ જળની ભાંગતી સપાટી પર રમવા ઊતરે એ રૂપ તોફાની બાળક જેવું જ હોય. ક્ષિતિજે જળ અને આકાશને પ્રકાશે સીવીને એક કરી દીધાં હોય એવી રચના સહજ સર્જાઈ હતી. ત્યારે આંખ છેતરાઈ જાય. મોટું-નાનું, દૂર-પાસેનું માપ બદલાઈ જાય. આખા સમુદ્ર ઉપર પ્રકાશની જાજમ પાથરી દીધી હોય એમ એનાં વિભિન્ન રૂપ સર્જાતાં રહે. જળને ટાઢાં કે ઊનાંની સંજ્ઞા આપવી ખોટી પડે. સતત જોતાં રહીએ તો આંખ અંજાઈ જાય, પરંતુ અર્ધખુલી આંખે આ રંગમંચને જોયા વિના રહી પણ ન શકાય. જાણે પ્રકૃતિના વિરાટ કૅન્વાસ ઉપર ક્ષણેક્ષણે નવાં નવાં ચિત્રો આલેખાય અને વળી ભૂંસાય. એ ક્યાં પૈસા કે પ્રમાણપત્ર માટે આલેખાયાં હતાં? એમાં તો કેવળ ચિત્રણાનો જ આનંદ! એને પ્રકાશ-પાણીની સંતાકૂકડી કહીએ તો એ તો આપણી ઓળખ. આ વિરાટ રંગભૂમિનું નામકરણ કરવાને બદલે એના લઘુ અંશ સ્વરૂપે ભાગીદાર થવામાં જ ખરી મજા!

એક સ્મરણીય અનુભવ બાળપણમાં મારા ગામ નેસડીમાં થયો હતો. ચાર દિવસ એકધારો વરસાદ પડ્યો. (ગામડામાં એને હેલી કહે) બધું ભીનું અને ભેજવાળું. સૂર્યના દર્શન તો ન થાય, પણ એની હયાતી ભૂલી જવાય એવું ભાંભળું અંધારું આખો દિવસ રહે. ઘરમાં જ પૂરાઈ રહેવું પડે. એમાં વરસાદ અટક્યો, કોથળાનો બોશલો કરી, ઓઢી, અમે ચાર-પાંચ મિત્રો પાદર સુધી પહોંચી ગયા. પાદર પહોંચ્યા ને જાણે કોઈએ જાદુઈ છડી ફેરવી! ચાર દિવસથી આખું ગામ બાન પકડાયું હતું. તેમાં જાણે કોઈએ દરવાજાના આગળા ખોલી નાખ્યા. આભમાં વાદળ હતાં જ, પણ એક નાનો ભાગ ખુલ્લો થઈ ગયો. એટલો ભાગ એકાએક ઝળહળી ઊઠ્યો. અમે દિવસોથી નહિ, મહિનાઓથી સૂર્યપ્રકાશ જોયો ન હોય એવી અમારી બંધિયાર મનઃસ્થિતિ હતી. તેની વચ્ચે વાદળ હટાવીને આકાશમાંથી કોઈએ પ્રકાશનો ધોધ ઢોળી દીધો હોય એમ બધું પ્રકાશિત કરી દીધું. અંધારિયા ઓરડામાં જાણે હજારનો બલ્બ પ્રગટી ગયો. પ્રકાશ અમારે માટે અજાણ્યો નહોતો, પણ આ અનુભવ વિરલ હતો. વૃક્ષોનાં પાન એકાએક ચળકી ઊઠ્યાં. પશુઓ પાણી પીવાનું છોડી આકાશ તરફ જોઈ રહ્યાં. પનિહારીઓ પાણી સિંચતી અટકીને પ્રકાશના ધોધને જોઈ રહી. અમે કાંઈ ન સૂઝતાં કિકિયારી કરી ઊઠ્યાં. લગભગ બધાં બોલી ઊઠ્યાં, 'સૂરજદાદો આજ દેખાણો ખરો!' ઉત્તરધ્રુવની છ મહિનાની રાત્રિ પછી સૂર્યદર્શન થાય તેવી અમારી સ્થિતિ હતી. પ્રકાશને જાણે ખોબામાં ઝીલવો હોય એમ ખોબો પ્રકાશના ધોધ સામે ધરી રાખ્યો. એ કાળે કશુંય અશક્ય કે અસંભવિત નહોતું. પણ એનું વર્ણન કરવાની એ કાળે આવડત નહોતી. એ અનુભવને હૈયે સંઘરવાની ક્ષમતા હશે એટલે સિત્તેર વર્ષ પહેલાંનું એ દૃશ્ય આજે પણ લીલુંછમ રહ્યું છે.

સવારથી સાત ઘોડાના રથને દોડાવતા સૂર્યદેવ સાંજ ઢળ્યે અલસભાવે રથને ધીમો પાડીને કેટલી વાટ કાપી એ માપતા હોય ત્યારે એનાં કિરણો તપ્ત મટીને સહ્ય બની ગયાં હોય છે, સુવર્ણરંગી કિરણો વિવિધ રંગનાં વાઘા પહેરી લે છે. એ વખતે જીવનનો લય બદલાઈ જાય. માળા ભણી ઊડતાં પક્ષીઓનો ઉલ્લાસ અનુભવાય. પશુઓ નચિંતપણે ઘર ભણી વળે. માણસો અકળામણમાંથી શાતામાં પ્રવેશે. વિદાય લેતો પ્રકાશ વહાલભર્યો બની જાય. જીવનનો રથ પ્રવૃત્તિના ધોરી માર્ગેથી ઘરના શાંત વાતાવરણમાં પ્રવેશે. પછી થાય તો બધું, પણ નિરાંતના ભાવથી પ્રકાશનાં છેલ્લાં કિરણો મોસાળની મીઠપથી સૌને મળતાં હોય. પોતાનાં બધાં રૂપ પ્રગટ કરી દીધાં પછી પ્રકાશ વત્સલ દાદા જેવો પ્રેમાળ બની જાય. જાણે આપણે માથે શીતળ હાથ ફેરવતો ન હોય! ત્યારે લાગે કે પ્રકાશ ગમે તે રૂપ ધારણ કરે પણ જીવતરને ઉજ્જવળ કરી દેતો હોય છે. એના સાંનિધ્યમાં અસ્તિત્વ પ્રકાશમય બની જાય છે.

સી-૪૦૩, સૂરેલ એપાર્ટમેન્ટ, જજીસ બંગલો,
આંબાવાડી, પો.ઓ. દેવાશિષ સ્કૂલ સામે,
અમદાવાદ-૩૮૦૦૧૫

# બરછટ અનાજ - મિલેટ્સ અંગેની શ્રેણીના પ્રતિભાવો

**તંત્રી નોંધ :** બરછટ અનાજ - મિલેટ્સ અંગેની શ્રેણી અમે ''ઘરશાળા'' માસિકમાં પ્રગટ કરી હતી. આ શ્રેણીના વાંચકોએ ખૂબ સારો પ્રતિભાવ આપી અમને પ્રોત્સાહિત કર્યા છે. આ પ્રતિભાવ વાંચકોના આભાર સાથે અમે અહીં પ્રગટ કરીએ છીએ.

**- તંત્રીઓ**

(૧) જવ અંગેનો તમારો લેખ વાંચ્યો. સરસ લખ્યો છે. ખૂબ ખૂબ લખતા રહો. અભિનંદન

- શિવાજી સાહેબ (નિવૃત્ત શિક્ષક)
પ્રકાશ હાઈસ્કૂલ

(૨) બરછટ અનાજ વિશે ખૂબ જ સુંદર લેખ. આ વિષયના બીજા લેખ વાંચવા પણ આનંદદાયક રહેશે.

- સ્વાતિબેન, અસારવા વિદ્યાલય, અસારવા, અમદાવાદ

(૩) ખૂબ જ માહિતીસભર, જ્ઞાનવર્ધક અને સુંદર રજૂઆતવાળો લેખ.

- હર્ષાબેન અંકલેશ્વરિયા, અસારવા વિદ્યાલય, અસારવા, અમદાવાદ

(૪) કહેવું પડે. લોકબોલી, સરસવાણી અને ભારે કાબેલિયતવાળો લેખ. અમને ગૌરવ છે તમને અભિનંદન.

- નીતા દલાલ

(૫) સરસ પૂરક માહિતીસભર લેખ લખવા પુષ્કળ સમય અને સંદર્ભની જરૂર પડી હશે. એ હું કલ્પી શકું છું. જાડા અનાજની માહિતી માટે ધન્યવાદ અને અભિનંદન.

- પ્રો. રાજકુમાર શર્મા

(૬) અમિતાબેન, બરછટ અનાજ - મિલેટ્સ શ્રેણી અંગેનું તમારા બધા જ લેખો માહિતીસભર ખૂબ ઉપયોગી અને સરસ રહ્યા. તમને ખૂબ અભિનંદન.

- પ્રશાંતભાઈ નાયક, લિવરપૂલ, લંડન

(૭) Thanks for sharing. It is very imformative

- અશોક શેટ્ટે, પ્રોગ્રામ મેનેજર,
ગુજરાત શૈક્ષણિક ટેક્નોલૉજી ભવન

(૮) Very informative article.
Congratulation

- ડૉ. કલ્પેશભાઈ, સામવેદ હોસ્પિટલ

(૯) Wonderful and very informative, Interesting article about millets keep it up.

- કે.ડી. પટેલ,
વ્યવસ્થા અને સંકલન,
''ઘરશાળા'' માસિક

(૧૦) No words to express my grati-

tude to you for sending such a useful article.

- પ્રો. હર્ષદભાઈ ઠાકર
પૂર્વ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ,
સી.ટી.કોમર્સ કૉલેજ

અમિતાબેન, મિરેકલ મિલેટ્સ વિશેનો લેખ વાંચ્યો. વિષય બરછટ જવ છે. પણ એનું પોત તમે સુંવાળું રાખ્યું છે. મારા મતે આ લેખ ખૂબ જ માહિતીપ્રચુર છે. કેમ કે તમારો લેખ ઉપરછલ્લા અભ્યાસ કે નિરીક્ષણ પરથી નથી લખાયો. તમે તો છેક વેદ-વેદાંત સુધી પહોંચ્યા છો. લેખમાં વિષય પ્રત્યેની ગહનશીલતા, જાણકારી અને એ વિશેનું અધ્યયન ખૂબ દાદ માંગી લે એવું છે. જ્યારે તમારા લેખમાં તો આખો ઈતિહાસ છે. આ માટે ખૂબ ખૂબ અભિનંદન. આ લેખ લોકો માટે માર્ગદર્શક અને પ્રોત્સાહક બની રહેશે એવું મારું ચોક્કસપણે માનવું છે.

- રૂપાલીબેન ઓઝા

આ સાથે નીચેના વાંચકોના પ્રતિભાવો પણ અમને મળ્યા છે.

(૧) ગીતાબેન વિ. પટેલ (નિવૃત્ત શિક્ષક) શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય, (હાલ અમેરિકા)

(૨) અશ્વિની મલઠણકર Ex. Principal, Product Manager, Oracle India Pvt. Ltd.

(૩) મુકેશભાઈ એડનવાલા

(૪) ભરતભાઈ રાઠોડ (નિવૃત્ત શિક્ષક)
શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ

(૫) શ્રી સ્વાતિબેન - જે. એન. બાલિકા વિદ્યાલય

(૬) રિન્કેશ સોમપુરા, પૂર્વ વિદ્યાર્થી,
શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય,
સિનિયર મેનેજર, TLT એન્જિનિયરીંગ કંપની,
છત્રાલ

(૭) શ્રી શ્રેતાબેન પટેલ

(૮) ડૉ. પીનાબેન શાહ

(૯) સુમીરા શાહ, કુકિંગ એક્ષપર્ટ

(૧૦) નેહા - રિસ્ટોર ક્લિનિક, એડમિનિસ્ટ્રેટર

(૧૧) જયેન્દ્ર શાહ, બૅંક ઑફ ઈન્ડિયા

(૧૨) પ્રકાશ પ્રજાપતિ, પૂર્વ વિદ્યાર્થી,
અસારવા વિદ્યાલય

(૧૩) પ્રિયા રાણા, પૂર્વ વિદ્યાર્થી,
અસારવા વિદ્યાલય

(૧૪) ડૉ. આર. જી. પટેલ, પૂર્વ પ્રમુખ,
અમદાવાદ શહેર ઉ. મા. શિક્ષક સંઘ

(૧૫) શ્રી અરવિંદભાઈ દવે, પૂર્વ ઓ.એસ.,
શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ

(૧૬) ડૉ. પ્રકાશ વેકરિયા, પૂર્વ વિદ્યાર્થી, સરસ્વતી વિદ્યાલય, ઓર્થોપેડિક સર્જન - બાપુનગર

(૧૭) શ્રી રાજેશ્વરીબેન પરીખ

(૧૮) અમિતાબેન ધન્યવાદ, લેખની માહિતી ઘણી ઉપયોગી છે. આવા વધારે લેખ આવે એવી અપેક્ષા.

જગત કીનખાબવાલા

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૧૦ થી ૧૨ની બોર્ડ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫થી શરૂ થશે :**

સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ આ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા ૧૨ થી ૧૫ દિવસ વહેલી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫થી શરૂ થશે. જ્યારે ૧૩ માર્ચ ૨૦૨૫ના રોજ પરીક્ષા પૂરી થશે. જ્યારે ધોરણ-૯ અને ૧૧મા ધોરણની વાર્ષિક પરીક્ષા સાતમી એપ્રિલથી શરૂ થશે. ગયા વર્ષે ૧૧ માર્ચથી ૨૬ માર્ચ સુધી આ પરીક્ષાઓ લેવાઈ હતી.

આ સાથે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના એ.બી. અને એ. બી. ગ્રુપના વિદ્યાર્થીઓ માટેની ઈજનેરી-ફાર્મસી પ્રવેશ પરીક્ષા એવી ગુજકેટની તારીખ અને ગાઈડલાઈન જાહેર કરી દેવાયા છે. જે મુજબ ૨૩ માર્ચ અને રવિવારે સવારે ૧૦ થી સાંજના ૪-૦૦ સુધી પરીક્ષા લેવાશે. જે પણ વહેલી યોજાઈ રહી છે. ગુજકેટમાં ફિઝીક્સ અને કેમેસ્ટ્રીના ૪૦-૪૦ પ્રશ્નો અને ૪૦-૪૦ ગુણોની કોમન પરીક્ષા ૧૨૦ મિનિટ કોમન પેપરમાં હશે. બાયોલૉજીની ૪૦ ગુણની ૬૦ મિનિટની અને ગણિતની ૪૦ ગુણની ૬૦ મિનિટની પરીક્ષાના અલગ અલગ પેપર રહેશે.

**બોર્ડના પરિણામો વહેલા આવવાની શક્યતા :**

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થઈ જતાં, એટલે કે ૧૨ થી ૧૩ દિવસ વહેલી શરૂ થઈ જતાં પરિણામો પણ વહેલા આવશે. મોટાભાગે મે-માસમાં પરિણામો જાહેર થતા હોય છે. ત્યારે આ વર્ષે એપ્રિલ માસમાં જ પરિણામો જાહેર થઈ જશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં આવવાની શક્યતા છે. આમ થવાથી કૉલેજની પ્રવેશ પ્રક્રિયા પણ વહેલી શરૂ થઈ શકશે અને મે થી જૂનમાં બીજીવારની બોર્ડની પરીક્ષાઓ લેવાઈ જશે.

**શાળાઓમાં ૨૮ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી દિવાળીનું વેકેશન રહેશે :**

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ શાળાઓમાં તેમજ પીટીસી કૉલેજો અને પ્રાયોગિક શાળાઓમાં એક સાથે કોમન દિવાળી વેકેશન ૨૮ ઓક્ટોબરથી શરૂ થશે અને એક સાથે ૧૭ નવેમ્બર સુધીનું રહેશે. આ વખતે પ્રથમ સત્રમાં ૧૦૮ દિવસનું શિક્ષણકાર્ય છે. પ્રથમ સત્ર ૨૭ ઓક્ટોબર સુધીનું છે. જ્યારે બીજું સત્ર શાળાઓમાં ૧૮ નવેમ્બર ના રોજથી શરૂ થશે.

**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ-૧૦-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ હવે વર્ષમાં બે વાર લેશે :**

સીબીએસઈ દ્વારા જે રીતે ધોરણ- ૧૦ અને ૧૨માં બે વાર બોર્ડ પરીક્ષા લાગુ કરવામાં આવી છે. તે જ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે પણ ગયા વર્ષથી બે વાર બોર્ડ પરીક્ષાની પેટર્ન સાથે બેસ્ટ ઓફ ટુની સ્કીમ લાગુ કરી છે. જો કે ગયા વર્ષે માર્ચમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની મુખ્ય પરીક્ષા બાદ જૂનમાં બીજીવારની બોર્ડ પરીક્ષા લેવાઈ હતી. પરંતુ ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ માટે તમામ વિષયોની બીજીવાર બોર્ડ પરીક્ષા-પૂરક પરીક્ષા લેવાઈ ન હતી. હવે ચાલુ શૈક્ષણિક વર્ષમાં એટલે કે આગામી ૨૦૨૫માં બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ તમામ વિષયો માટે પૂરક પરીક્ષા લેવાશે.

જે વિદ્યાર્થીએ ફેબ્રુઆરી-માર્ચની મુખ્ય પરીક્ષા આપી હશે તે જ પૂરક પરીક્ષામાં પરિણામ સુધારવા માટે બેસી શકશે. વધુમાં બોર્ડ દ્વારા નક્કી કરેલા કેન્દ્રોની જાણ શાળાઓને જે તે જાન્યુઆરી માસમાં કરવામાં આવશે.

**BBA-BCA ટેક્નિકલ શિક્ષણ હેઠળ આવતા ટેકનિકલ કાઉન્સિલ દ્વારા BBA માટે નવો મોડલ કરિક્યુલમ જાહેર :**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન દ્વારા એમબીએ અને એમસીએની જેમ બીબીએ અને બીસીએને પણ ટેકનિકલ શિક્ષણ હેઠળ આવરી લીધા છે. અને આ વર્ષથી કાઉન્સિલ દ્વારા નવી કૉલેજોને તેમજ હયાત કૉલેજોને રિન્યૂઅલ પરમિશન અપાઈ છે. બીબીએ-બીસીએ ટેક્નિકલ શિક્ષણ હેઠળ આવતા કાઉન્સિલ દ્વારા બીબીએ માટેનો નવો મોડેલ કરિક્યુલમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. તમામ યુનિવર્સિટીઓ અને કૉલેજોને આ વર્ષથી મોડલ કરિક્યુલમનો અમલ કરવા કાઉન્સિલ દ્વારા આદેશ કરાયો છે. એક્સપર્ટ દ્વારા તૈયાર મોડલ કરિક્યુલમ કાઉન્સિલની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવ્યો છે.

**હવે નોન ટેક્નિકલ યુજી કોર્સિસમાં પણ એપ્રેન્ટિસશિપ-સ્ટાઈપેન્ડનો લાભ :**

ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી સહિતના ટેક્નિકલ કોર્સમાં ઈન્ડસ્ટ્રી ટ્રેનિંગ ફરજિયાત કરાઈ છે. ત્યારે હવે નોન ટેકનિક્લ એટલે કે બી.કોમ., બીએસ.સી. સહિતના વોકેશનલ કોર્સીસમાં પણ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી-ટ્રેનિંગ મળશે. યુજીસી દ્વારા યુનિવર્સિટીઓ અને કૉલેજો માટે એપ્રેન્ટિસશિપ એમ્બેડેડ ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. તે માટે હાલ ડ્રાફ્ટ ગાઈડલાઈન જાહેર કરાઈ છે. આ ડ્રાફ્ટ ગાઈડ લાઈન મુજબ ડિગ્રી કોર્સમાં ૬ માસથી એક વર્ષની ઈન્ડસ્ટ્રી કંપની એપ્રેન્ટિસશિપ રહેશે. જો કે આ પ્રોગ્રામ એ જ યુનિવર્સિટી કે કૉલેજ શરૂ કરી શકશે કે જેની પાસે રેન્કિંગ અને નેકની માન્યતા હશે. વર્ષ ૨૦૨૫થી આ નવી યોજના શરૂ થશે.

**ટૂંકાવીને...**

- અમદાવાદ પૂર્વ અને પશ્ચિમમાં નવી સ્માર્ટ શાળા બનાવવામાં આવશે.
- પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ થી ૮માં ૧૭ ઓક્ટોબરથી પ્રથમ સત્રની પરીક્ષાઓ શરૂ થઈ
- આ વર્ષે ૧૮૯ નવી શાળાઓને મંજૂરી અપાઈ.
- નવી શાળાઓની બોર્ડમાં નોંધણી ફરજિયાત.
- વન નેશન, વન સ્ટુડન્ટ યોજના અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ના ૨૮ લાખ વિદ્યાર્થીના ડિજિટલ રેકોર્ડ માટે APAAR-ID બનશે.
- આથી વિદ્યાર્થીના રિઝલ્ટ, સિદ્ધિ, એવોર્ડ સહિતનો તમામ ડેટા હવે ઓન લાઈન. વાલીની સંમતિ બાદ આઈડી બનાવાશે.

તા. ૨૧-૧૧-૨૦૨૪ના રોજ સરસ્વતી વિદ્યામંડળ અને શારદા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સંસ્થાનાં ધોરણ-૬ થી ૯ અને ધોરણ-૧૧નાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સુધારણા કાર્યક્રમ 'જ્ઞાનદા' શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત થયેલ MOU તથા વાલી મિટીંગની લાક્ષણિક તસ્વીરો.









**ઘરશાળા**
ડિસેમ્બર - ૨૦૨૪
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

# પ્રભુ પ્રાર્થના

હે પરમાત્મા,
મને તારી શાંતિનું વાહન બનાવ.
જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું
જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા
જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા
જ્યાં હતાશા છે ત્યાં આશા
જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ
જ્યાં શોક છે ત્યાં આનંદ.
હે દિવ્ય સ્વામી, એવું કરો કે,
હું આશ્વાસન મેળવવા નહિ, આપવા ચાહું
મને બધાં સમજે એ કરતાં હું બધાંને સમજવા ચાહું
મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઈને પ્રેમ આપવા ચાહું.
કારણ કે,
આપવામાં જ આપણને મળે છે;
ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ
મૃત્યુ પામવામાં જ આપણે શાશ્વત જીવનમાં જન્મીએ છીએ.

- સંત ફ્રાન્સિસ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું